સુવિચાર

ક્યારેક શાંતિથી બેસવાનું પણ રાખો,
જિંદગી જીવવાની છે જીતવાની નથી...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



કોઠારીયા સોલવંટ પાસે હુસેની ચોકમાં જુની અદાવતનો ખાર રાખી યુવાન પર ખુની હુમલો P-4

Year-16, Issue-234 ■ DATE : 16-01-2026 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# BMC સહિત ૨૩ મહાપાલિકા પર ભાજપની હરણફાળ

## ૨૯માંથી ૨૩ મહાનગરપાલિકામાં ભાજપ અને શિવસેના (શિંદે)ની મહાયુતી આગળઃ મુંબઈ-નાગપુર તેમજ પૂણેમાં મોટી લીડઃ ઠાકરે બ્રધર્સ, કોંગ્રેસ અને શરદપવારની એનસીપીનો સફાયો




**મુખ્ય સમાચાર, મુંબઇ**

મહારાષ્ટ્રમાં ચાર વર્ષના લાંબા વિલંબ બાદ યોજાયેલી ૨૯ નગર નિગમોની ચૂંટણીના પરિણામો આજે જાહેર થઈ રહ્યા છે. રાજ્યભરના ૮૯૩ વોર્ડમાં કુલ ૧૫,૯૩૧ ઉમેદવારોના ભાવિનો ફેંસલો આજે થશે. મતોની ગણતરી સવારે ૧૦ વાગ્યે શરૂ થઈ ગઈ છે અને બપોર પછી મુખ્ય પરિણામો આવવાની ધારણા છે.

નવાબ મલિકના ભાઈ કપ્તાન મલિકનો કુર્લા વેસ્ટ બેઠક પર પરાજય, તેઓ ૧૬૫ વોર્ડ નંબરની બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા. તેમને એનસીપી અજિત પવારે ઉમેદવાર બનાવ્યા હતા.

નાગપુરની ૧૫૧ બેઠકમાંથી ભાજપ ૯૮ બેઠક પર લીડ મેળવી ચૂક્યો છે. આ સાથે વલણોમાં ભાજપ બહુમતીમાં આવી ગયો છે.

બીએમસી ચૂંટણીથી એક મોટા સમાચાર એ આવ્યા છે કે પહેલી બેઠક કોંગ્રેસના ઉમેદવારે જીતી લીધી છે. વોર્ડ નંબર ૧૮૩માં કોંગ્રેસના ઉમેદવારે જીત નોંધાવી છે. જ્યારે વોર્ડ નંબર ૨૧૪ પ્ર ભાજપના ઉમેદવાર જીત્યા છે.

નાગપુરમાં ૧૫૧માંથી ૭૩ બેઠકો વલણમાં ભાજપે ૫૭ બેઠકો પર લીડ મેળવી લીધી છે. જ્યરે કોંગ્રેસ ૧૬ જ બેઠક પર આગળ છે.

પૂણેમાં ૧૬૫ બેઠકોમંથી ૭૫ બેઠકના વલણો જાહેર થઇ ગયા છે. જેમાંથી ૫૨ બેઠકો પર ભાજપના ગઠબંધને લીડ મેળવી લીધી છે. જ્યારે એનસીપી ગઠબંધન માત્ર ૧૮ જ બેઠક પર લીડમાં જણાય છે. જ્યારે કોંગ્રેસ અને યુબીટીના ગઠબંધનમાં ૧ જ બેઠક આવી છે.

રાહુલ ગાંધીએ શાહી વિવાદ અંગે ટિપ્પણી કરતાં સોશિયલ મીડિયા પર એક પોસ્ટ મૂકી હતી જેમાં ચૂંટણી પંચ સામે નિશાન તાક્યું હતું. તેમણે કહ્યું કે ચૂંટણી પંચ દ્વારા ગેરમાર્ગે દોરવા એ લોકતંત્ર પર મોટા પ્રહાર સમાન છે.

સંજય રાઉતે ભજપ સામે ગંભીર આરોપ મૂકતાં કહ્યું હતું કે ચૂંટણી માટે મતદાન પૂરું થતાં જ બીએમસીના કમિશનરે ભાજપના નેતાઓ સાથે મુલાકાત કરી હતી. આચારસંહિતા લાગુ હોવા છતાં તેઓ આવું કેવી રીતે કરી શકે?

બીએમસી સહિત મહારાષ્ટ્રની ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે મતગણતરીની શરૂઆત થઇ ચૂકી છે. મોટાભાગે ભાજપનો દરેક જગ્યાએ દબદબો જોવા મળી રહ્યો છે. હાલમાં વલણો જાહેર થઇ રહ્યા છે. જેના આધારે પૂણેમાં ભાજપ ૩૨ તો એનસીપી ૧૪ બેઠક પર આગળ છે. જ્યારે બીએમસીની ચૂંટણીની વાત કરીએ તો ૪૬ બેઠકના વલણો સામે આવ્યા છે. જેમાં ભાજપ ગઠબંધન ૨૫, ઉદ્ધવ જૂથ ૧૯, કોંગ્રેસ ૨ બેઠક પર આગળ દેખાય છે.

ઉલ્લેખનીય છે કે એનડીએ ગઠબંધન એટલે કે મહાયુતિ મહારાષ્ટ્રની સ્થાનિક એકમની ચૂંટણીમાં ૬૦થી વધુ બેઠકો પહેલાથી જ બિનહરિફ જીતી ચૂક્યું છે. તેમાં સૌથી વધુ બેઠક ૪૩ ભાજપ જીત્યો હતો. જ્યારે એકનાથ શિંદેની શિવસેનાએ ૧૯ અને એનસીપીએ ૨ બેઠક જીતી હતી. જેને લઈને વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો હતો. ચૂંટણી પંચે પણ આ મામલે તપાસના આદેશ કર્યા હતા.

આ તમામ ચૂંટણીઓમાં સૌથી વધુ ચર્ચા બૃહન્મુંબઈ મહાનગરપાલિકાની છે, જે દેશની સૌથી ધનિક નગર નિગમ છે અને તેનું બજેટ ૭૪,૪૦૦ કરોડ રૂપિયાથી વધુ છે. BMCમાં કુલ ૨૨૭ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી, જ્યાં બહુમતી માટે ૧૧૪ બેઠકોની જરૂર છે. ગુરુવારે આવેલા એક્ઝિટ પોલ્સમાં મહાયુતિ (ભાજપ + એકનાથ શિંદેની શિવસેના) ગઠબંધનને સ્પષ્ટ બહુમતી મળવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે.

૧૫ જાન્યુઆરીએ યોજાયેલા મતદાનમાં મુંબઈમાં સરેરાશ ૪૧-૫૦% મતદાન નોંધાયું હતું. આ ચૂંટણી ૨૦૧૭ પછી પ્રથમ વખત યોજાઈ રહી છે, કારણ કે ૨૦૨૨માં યોજાનારી ચૂંટણી વોર્ડ સીમાંકન અને અન્ય કારણોસર મુલતવી રાખવામાં આવી હતી. મુંબઈ ઉપરાંત પુણે, નાગપુર, નાસિક, થાણે, નવી મુંબઈ, પિંપરી-ચિંચવડ અને કલ્યાણ-ડોમ્બિવલી જેવા મોટા શહેરોના પરિણામો પર પણ સૌની નજર રહેશે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૫.૧૭/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૮૭/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |




| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૪૩,૪૫૦ | ₹૨,૯૨,૦૦૦ |
| | -૨૨૦ | -3000 |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૪૦ | ₹૧૨૧.03 |

## ચૂંટણીમાં શાહી માટે માર્કર પેનનો ઉપયોગ બંધ કરવાનો ચૂંટણી પંચનો આદેશ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચે એક મોટો નિર્ણય લેતા હવે પછીની ચૂંટણીઓમાં શાહી માટે માર્કર પેનનો ઉપયોગ બંધ કરવાનો આદેશ આપ્યો છે. આગામી જિલ્લા પરિષદની ચૂંટણીઓથી આ નવો નિયમ લાગુ થશે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ મુંબઈ મહાનગરપાલિકા ચૂંટણી દરમિયાન આંગળી પરની શાહી સરળતાથી ભૂંસાઈ જવાને કારણે સર્જાયેલો વિવાદ છે.

ચૂંટણી દરમિયાન મતદાન કર્યા પછી મતદારોની આંગળી પર જે 'અમીટ શાહી' લગાવવામાં આવે છે, તે સરળતાથી નીકળી જતી હોવાની ફરિયાદો ઉઠી હતી. આ મુદ્દો ત્યારે વધુ ગરમાયો જ્યારે કલ્યાણના ઉમેદવાર ઉર્મિલા તાંબેએ સૌથી પહેલા આ અંગે અવાજ ઉઠાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે ચૂંટણી પંચ જાણીજોઈને આવી નબળી શાહી વાપરે છે જેથી સત્તાધારી પક્ષને ફાયદો થાય અને નકલી વોટિંગ કરાવી શકાય.



વિપક્ષી શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ ચૂંટણી પંચ પર નિશાન સાધ્યું હતું. તેમણે ચૂંટણી પ્રક્રિયાની ખામીઓ ગણાવતા એવો આરોપ લગાવ્યો કે, વોટ આપ્યા પછી આંગળી પર લગાવવામાં આવતી શાહી બહુ આસાનીથી ભૂંસાઈ જાય છે. આ મામલે ચૂંટણી પંચની જવાબદારી નક્કી થવી જોઈએ.

બીજી તરફ, કમિશનર ભૂષણ ગગરાણીએ પણ આ વાત સ્વીકારી છે કે માર્કર પેનથી કરવામાં આવેલું નિશાન કાયમી નથી અને તેને સહેલાઈથી સાફ કરી શકાય છે. જોકે, ચૂંટણી પંચના જનસંપર્ક અધિકારીએ બચાવ કરતા કહ્યું કે, 'સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં આ એક જૂની પદ્ધતિ છે. વર્ષ ૨૦૧૨થી જ ચૂંટણીઓમાં માર્કર પેનનો ઉપયોગ કરવામાં આવે છે અને આ વખતે પણ એ જ પદ્ધતિ અપનાવવામાં આવી છે.' આ વિવાદ અંગે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર આકરું વલણ અપનાવતા કહ્યું કે, 'ચૂંટણી પંચ નાગરિકોને ભ્રમિત કરી રહ્યું છે. વોટની ચોરી કરવી એ રાષ્ટ્રવિરોધી કામ છે. જેના કારણે લોકશાહીમાં વિશ્વાસ ઘટે છે, જે ચિંતાજનક છે.'

## ગુજરાતમાં ફરી તા.૨૧થી ૨૬ જાન્યુઆરી માવઠાની આગાહી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્યમાં ફરી એક વખત કમોસમી વરસાદની હવામાન નિષ્ણાંતે આગાહી કરી છે. હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીના જણાવ્યા અનુસાર, આગામી ૨૧થી ૨૬ જાન્યુઆરી દરમિયાન રાજ્યમાં ફરી માવઠું પડીશે. સમગ્ર ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ જોવા મળશે. પરંતુ ઉત્તર ગુજરાત અને કચ્છના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ પડવાની શક્યતા છે.

વધુમાં જ્યોતિષ અને હવામાન નિષ્ણાત જયપ્રકાશ માઢકે જણાવ્યું કે, ૨૬ જાન્યુઆરી દરમિયાન દેશના અનેક ભાગોમાં કમોસમી વરસાદ, બરફવર્ષા, ઠંડીની લહેર અને ધુમ્મસ જોવા મળી શકે છે. પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ તેમજ ગુજરાતમાં ફરી એક વખત ઠંડીની લહેર આવશે.



ગુજરાતના કચ્છ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ૨૧થી ૨૫ જાન્યુઆરી દરમિયાન હળવો વરસાદ પડી શકે છે. અમુક વિસ્તારોમાં માત્ર વાદળછાયા વાતાવરણ બાદ તીવ્ર ઠંડી અનુભવાશે. ખાસ કરીને રાત્રિના સમયે ઠંડી વધારે લાગશે.

રાજ્યમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં ૯.૨ ડિગ્રી નોંધાયું છે, જ્યારે અમરેલી ૯.૬ ડિગ્રી સાથે બીજા નંબરનું ઠંડુ શહેર રહ્યું છે. અમરેલીના તાપમાનમાં ૨૪ કલાકમાં ૩.૬ ડિગ્રીનો વધારો આવ્યો છે. ગઈકાલે રાજ્યનું સૌથી નીચુ તાપમાન અમરેલીમાં ૬ ડિગ્રી નોંધાયુ હતું. આગામી દિવસોમાં જો વાદળછાયું વાતાવરણ થશે તો ઠંડી ભૂક્કા બોલાવશે.

## ઈરાનમાં ફસાયેલા ભારતીયોને એરલિફ્ટ કરવા પ્લેન દિલ્હીથી તહેરાન મોકલાયું




ઈરાનમાં હાલ સરકાર સામે ચાલી રહેલા વિરોધ પ્રદર્શન અને ઈરાન પર અમેરિકાના હુમલાના ભય વચ્ચે ભારત સરકારે ત્યાં ફસાયેલા ભારતીયોને કહ્યું છે કે ટેન્શન ન લેતા, એરલિફ્ટ માટે વિમાન મોકલી દેવાયા છે. આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ હાલ ઈરાનમાં સરકાર વિરોધી અને સરકાર સમર્થકો વચ્ચે હિંસાનો દોર ચાલી રહ્યો છે. જેમાં સેંકડો લોકોના મોત થયા છે. દરમિયાન ભારત સરકારે ત્યાં રહેતા ભારતીયોને તરત ઈરાન છોડી દેવાનું કહ્યું છે. પરંતુ ઈરાનમાં હાલત એવી છે કે ઈરાનમાં ફસાયેલા ઘણા ભારતીયો ત્યાંથી નીકળી નથી શકતા. આથી ભારત સરકારે હવે એક મોટો નિર્ણય લીધો છે. ભારતીયોને ઈરાનથી એરલિફ્ટ કરવામાં આવશે, જે અંતર્ગત પહેલું વિમાન આજે નવી દિલ્હીથી તહેરાન માટે રવાના થઈ ચૂક્યું છે.

## બેંકો અથવા ટેલિકોમ કંપનીઓને તેમની બેદરકારીથી થતા નુકસાન માટે જવાબદાર ઠેરવવા જોઈએ

### ગૃહ મંત્રાલયે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલા અહેવાલમાં જણાવ્યું



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ડિજિટલ ધરપકડ અંગે ગૃહ મંત્રાલયની સમિતિએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે જો બેંકો અથવા ટેલિકોમ કંપનીઓને બેદરકારીને કારણે નુકસાન થાય છે તો તેઓ જવાબદાર હોવા જોઈએ. સુપ્રીમ કોર્ટના આદેશ પર રચાયેલી મંત્રાલયની આંતરિક ઉચ્ચ-સ્તરીય સમિતિની બેઠક દરમિયાન આ નિષ્કર્ષ પર આવ્યા હતા. ડિજિટલ ધરપકડ અટકાવવા માટે સિમ નિયમો કડક બનાવવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના નિર્દેશ અનુસાર, ગૃહ મંત્રાલયે એક સ્ટેટસ રિપોર્ટ દાખલ કર્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે આ સમિતિ ગૃહ મંત્રાલયમાં વિશેષ સચિવ (આંતરિક સુરક્ષા) ની અધ્યક્ષતામાં કાર્ય કરશે.

બેઠકમાં, સમિતિએ પીડિત વળતર અંગે એમિકસની ભલામણો પર પણ વિચારણા કરી. એ પણ નોંધવામાં આવ્યું હતું કે સિસ્ટમ નિષ્ફળતા અથવા અન્ય કારણોસર પીડિતોને નુકસાન ન થવું જોઈએ. સમિતિના અધ્યક્ષે સમિતિને હાલના વળતર પદ્ધતિની સમીક્ષા કરવા અને સુધારા અને ફેરફારો સૂચવવા નિર્દેશ આપ્યો. ગૃહ મંત્રાલયે સુપ્રીમ કોર્ટ પાસેથી વધુ વિચાર-વિમર્શ અને ભલામણો માટે એક મહિનાનો સમય માંગ્યો છે. આગામી સુનાવણી ૨૦ જાન્યુઆરીએ યોજાશે.

કોર્ટને જાણ કરવામાં આવી હતી કે સમિતિ દર બે અઠવાડિયે મળશે અને એટર્ની જનરલ આર. વેંકટરામણી પણ ભાગ લેશે. ગૃહ મંત્રાલય દ્વારા સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલા અહેવાલ મુજબ, સમિતિની પહેલી બેઠક ૨૯ ડિસેમ્બરે યોજાઈ હતી. આ બેઠકમાં, એ ડિજિટલ ધરપકડના કેસ માટે નાણાકીય મર્યાદા નક્કી કરવાનું સૂચન કર્યું હતું. આ મર્યાદાથી ઉપરના કેસોની તપાસ દ્વારા કરી શકાય છે. આ મર્યાદાથી નીચેના કેસોની તપાસ ગૃહ મંત્રાલયની સહાયથી રાજ્ય એજન્સીઓ દ્વારા કરી શકાય છે.

બેઠકમાં, એ માહિતી આપી હતી કે તેણે છેતરપિંડી શોધવા માટે -આધારિત સાધનોના ઉપયોગ અંગે બેંકોને સલાહ આપી છે. શંકાસ્પદ વ્યવહારોમાં સામેલ ખાતાઓ ફ્રીઝ કરવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. ટેલિકોમ્યુનિકેશન એક્ટ, ૨૦૨૩ હેઠળના ડ્રાફ્ટ નિયમો તૈયાર છે અને હિસ્સેદારોના પરામર્શમાં છે. એકવાર સૂચિત થયા પછી, આ નિયમો સિમ કાર્ડ જારી કરવામાં બેદરકારી અને એક જ વ્યક્તિને બહુવિધ સિમ કાર્ડ જારી કરવા જેવા મુદ્દાઓને સંબોધશે.

ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરે જણાવ્યું હતું કે તાત્કાલિક ફ્રીઝિંગ, ડી-ફ્રીઝિંગ, ભંડોળની વસૂલાત અને પીડિતોને રિફંડ સંબંધિત વિચારણા હેઠળ છે. રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ અને ૧૯૩૦ હેલ્પલાઈનનું પુનર્ગઠન કરવા માટે પણ વિચારણા કરવામાં આવી રહી છે.

## એક દિવસ પણ પી.એફ.કપાય તો પરિવારને પેન્શનનો હક મળશે

**મુખ્ય સમાચાર, કાનપુર**

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનની યોજના કર્મચારી એનરોલમેન્ટ અભિયાન હેઠળ નોંધાયેલ કર્મચારીનું નોંધણી થયા બાદ જો એક દિવસ પણ નોકરી કરે અને નોકરી દરમિયાન તેનું મૃત્યુ થાય, તો તેના પરિવારને પેન્શન મેળવવાનો હક મળશે.

ભલે એમ્પ્લોય એનરોલમેન્ટ સ્કીમ હેઠળ નામાંકિત કર્મચારીના અગાઉની સેવાના સમયગાળાનું અંશદાન જમા ન કરાયું હોય. શરત એટલી છે કે નોકરીદાતા ગયા વર્ષોના પોતાના હિસ્સાનું અંશદાન જમા કરાવે. EPFO કોઈપણ સંસ્થામાં કામ કરતા તમામ નવા-જુના કર્મચારીઓને આ યોજનાઓનો લાભ મળે તે માટે કેમ્પો યોજી રહ્યું

EPFO સાથે જોડાયેલા કોઈ કર્મચારીનું સેવા દરમિયાન મૃત્યુ થાય તો તેના પરિવારને કર્મચારી પેન્શન યોજના-૧૯૯૫ (EPS-95) હેઠળ પારિવારિક પેન્શનનો લાભ મળે છે. આ પેન્શન એકસાથે નહીં પરંતુ ક્રમવાર પાત્ર સભ્યોને આપવામાં આવે છે. સૌથી પહેલા મૃત કર્મચારીની પત્ની અથવા પતિને જીવનભર અથવા પુનર્વિવાહ સુધી પારિવારિક પેન્શન આપવામાં આવે છે.

ત્યારબાદ વધુમાં વધુ બે બાળકોને ૨૫ વર્ષની ઉંમર સુધી (અથવા પુત્રીના મામલે લગ્ન સુધી) પેન્શનનો હક છે. જો માતા-પિતા બંનેનું અવસાન થઈ ચૂક્યું હોય તો બાળકોને અનાથ પેન્શન મળે છે, જે સામાન્ય બાળ પેન્શનથી બે ગણું હોય છે. પત્ની-પતિ અને બાળકો ન હોવાની સ્થિતિમાં પેન્શનનો લાભ માતા-પિતાને આપવામાં આવે છે.

## રાજધાની દિલ્હી સહિત ઉત્તર ભારતમાં ગાત્રો થીજાવતી ઠંડી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

શુક્રવારે સવારે કડકડતી ઠંડી વચ્ચે રાજધાની દિલ્હી સહિત એનસીઆર પ્રદેશમાં ગાઢ ધુમ્મસ છવાઈ ગયું હતું. ધુમ્મસ એટલું ગાઢ હતું કે દિલ્હીના ઘણા વિસ્તારોમાં લ્લશ્યતામાં ભારે ઘટાડો થયો હતો. દરમિયાન, તાપમાનમાં સતત ઘટાડો થતો રહ્યો, જેના કારણે સમગ્ર એનસીઆર ઠંડીની ઝપેટમાં આવી ગયું. દિલ્હીનું આજે લઘુત્તમ તાપમાન ૪.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

સવારે ૬ વાગ્યે, પાલમમાં લ્લશ્યતા ૮૦૦ મીટર અને સફદરજંગમાં ૭૦૦ મીટર નોંધાઈ હતી, જ્યારે પાલમમાં સવારે ૭ વાગ્યે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ હતી. સવારે ૭ વાગ્યે, પાલમમાં મધ્યમ ધુમ્મસને કારણે ૩૫૦ મીટર દ્રશ્યતા મળી હતી. સવારે ૭:૩૦ વાગ્યે, ગાઢ ધુમ્મસને કારણે લ્લશ્યતા ૧૫૦ મીટર થઈ ગઈ હતી.

દરમિયાન, દિલ્હી-એનસીઆરમાં ગાઢ ધુમ્મસને કારણે લ્લશ્યતા ઘટી ગઈ છે, જેના કારણે ટ્રાફિક ખોરવાઈ ગયો છે. દિલ્હી આવતી ટ્રેનો મોડી ચાલી રહી છે, અને ફ્લાઈટ્સને પણ અસર થઈ છે. હાઈવે પર વાહનો સાપથી ભરેલા જોવા મળ્યા હતા, જેના કારણે ડ્રાઈવરોને લાઈટ અને ઈન્ડિકેટર ચાલુ રાખીને વાહન ચલાવવાની ફરજ પડી હતી.



રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં હાલમાં ભારે ઠંડી પડી રહી છે. આજની હવામાન આગાહીમાં દેશના ઉત્તર અને કેટલાક દક્ષિણ ભાગોમાં ગાઢ ધુમ્મસ અને વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી બે દિવસ સુધી પંજાબ, હરિયાણા અને ચંદીગઢના કેટલાક વિસ્તારોમાં ઠંડીની સ્થિતિ યથાવત રહેશે.

દિલ્હી સહિત ઉત્તર ભારતમાં ભારે ઠંડી પડી રહી છે. હાલમાં ઉત્તર ભારતના ઘણા વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાયું છે. દિલ્હીમાં પણ દ્રશ્યતા અત્યંત ઓછી છે. પંજાબ અને ઉત્તર પ્રદેશના કેટલાક વિસ્તારોમાં દ્રશ્યતા શૂન્યની નજીક છે. આઈએમડી આગાહી કરે છે કે ઉત્તર ભારતમાં પણ આવી જ ઠંડી અને ધુમ્મસની સ્થિતિ યથાવત રહી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પંજાબ, હરિયાણા અને ચંદીગઢના કેટલાક વિસ્તારોમાં વધુ બે દિવસ ઠંડીની સ્થિતિ યથાવત રહેશે. ૧૬ અને ૧૭ જાન્યુઆરીએ હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને ઓડિશાના વિવિધ ભાગોમાં ઠંડીનું મોજું ચાલુ રહેશે. તેવી જ રીતે, ૧૬ જાન્યુઆરીએ રાજસ્થાન, છત્તીસગઢ અને ઝારખંડમાં પણ આ સ્થિતિ જોવા મળી શકે છે.

## મારિયો મચાડોએ નોબેલ શાંતિ પુરસ્કાર મેડલ ટ્રમ્પને ગિફ્ટ કર્યો!

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

વેનેઝુએલામાં ચાલી રહેલા ગંભીર રાજકીય સંકટ વચ્ચે, વિપક્ષી નેતા અને નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મારિયા કોરિના મચાડો અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની મુલાકાતે રાજકીય ગરમાવો વધારી દીધો છે. આ મુલાકાત બાદ મચાડોએ દાવો કર્યો કે તેમણે પોતાનો નોબેલ શાંતિ પુરસ્કાર મેડલ ટ્રમ્પને ભેટમાં આપ્યો હતો. આ ગિફ્ટ ડિપ્લોમસીએ વોશિંગ્ટનથી લઈને કરાકસ સુધી નવી રાજકીય અટકળોને જન્મ આપ્યો છે.

આ બહુચર્ચિત બેઠક ગુરુવારે વ્હાઇટ હાઉસમાં લંચ પર યોજાઈ હતી, જે આ મહિનાની શરૂઆતમાં અમેરિકાની આગેવાની હેઠળના ઓપરેશનમાં પૂર્વ પ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ બાદ થઈ છે. એક કલાકથી વધુ ચાલેલી ચર્ચા બાદ જ્યારે મચાડો વ્હાઇટ હાઉસમાંથી બહાર નીકળ્યા, ત્યારે તેમના સમર્થકોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેમણે સમર્થકોને કહ્યું, ''આપણે પ્રમુખ ટ્રમ્પ પર વિશ્વાસ કરી શકીએ છીએ.''



નોબેલ પુરસ્કારની ભેટ અને નિયમો જ્યારે મચાડોને પૂછવામાં આવ્યું કે શું ટ્રમ્પે તેમના દ્વારા આપવામાં આવેલો મેડલ સ્વીકાર્યો છે, તો તેમણે જવાબ આપવાનો ઈનકાર કર્યો હતો. જોકે, નોબેલ શાંતિ પુરસ્કાર આપતી સંસ્થા પહેલા જ સ્પષ્ટ કરી ચૂકી છે કે નિયમો અનુસાર પુરસ્કારને ટ્રાન્સફર કે શેર કરી શકાતો નથી.

બીજી તરફ, મારિયા કોરિના મચાડો વ્હાઇટ હાઉસમાંથી એક ગિફ્ટ બેગ લઈને બહાર નીકળ્યાં, જેના પર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું નામ લખેલું હતું. આ લાલ રંગની બેગમાં શું હતું તે સ્પષ્ટ થયું નથી.

મચાડો અંગે અમેરિકાનું વલણ વ્હાઇટ હાઉસના પ્રેસ સચિવ કેરોલિન લીવિટે મચાડોને વેનેઝુએલાના લોકોનો 'નોંધપાત્ર અને સાહસી અવાજ' ગણાવ્યો હતો, પરંતુ સાથે જ પુનરોચ્ચાર કર્યો કે તેમના નેતૃત્વની સંભાવનાઓ અંગે ટ્રમ્પનું મૂલ્યાંકન બદલાયું નથી. ટ્રમ્પ પહેલા પણ કહી ચૂક્યા છે કે નેતૃત્વ કરવા માટે તેમને પૂરતું સ્થાનિક સમર્થન પ્રાપ્ત નથી.

નોબેલ પુરસ્કાર વિજેતા હોવા છતાં, મચાડોને અમેરિકી અધિકારીઓ તરફથી મિશ્ર પ્રતિસાદ મળ્યો છે. એક તરફ ટ્રમ્પે તેલ અને અન્ય મુદ્દાઓ પર સહયોગ માટે અંતરિમ પ્રમુખ ડેલ્સી રોડ્રિગેઝની જાહેરમાં પ્રશંસા કરી છે, જ્યારે કેટલાક અમેરિકી સાંસદોએ મચાડો પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

મચાડો ડેમોક્રેટિક સેનેટર ક્રિસ મર્ફી, જેમણે મચાડો સાથે મુલાકાત કરી, તેમણે જણાવ્યું કે મચાડોએ સાંસદોને કહ્યું કે વેનેઝુએલામાં દમનકારી શાસન માદુરો કાળથી ચાલુ જ છે.

# બેંક ખાતાની કીટ કમિશનથી મેળવી ઠગાઈ કરનાર ૪ શખ્સો ઝડપાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં સાયબર ક્રાઈમ પોલીસે બેંક ખાતાની કીટ કમિશનથી મેળવીને ઠગાઈ કરતા એક સિન્ડિકેટના ચાર આરોપીઓની ધરપકડ કરી છે. તેમની પાસેથી ૫ લાખ રોકડા, ૪ મોબાઈલ ફોન, ૯ એટીએમ કાર્ડ, પાસબુક અને ચેકબુક જપ્ત કરવામાં આવી છે.

ઓનલાઈન આર્થિક ઠગાઈના વધતા ગુનાઓને અંકુશમાં લેવા માટે આઈજી દ્વારા કડક કાર્યવાહી અને તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. આ નિર્દેશોના આધારે, જામનગર જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી ઝાલા અને સાયબર ક્રાઈમના પીઆઈ આઈ.એસ. ધાસુરાની ટીમે તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આરોપીઓ કમિશનના આધારે બેંક ખાતાની કીટ મેળવતા હતા. તેઓ રાજ ચંપાવત મૂળ રાજસ્થાન, હાલ ફિલિપાઈન્સ અને અન્ય સાયબર કોડ ભરતી ગેંગના સભ્યો સાથે મળીને લોકોને છેતરતા હતા અને છેતરપિંડીથી મેળવેલા નાણાંનો અંગત ઉપયોગ કરતા હતા.

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયા બાદ ટેકનિકલ એનાલિસિસના આધારે જામનગરના નાના થાવરીયા ગામના હરદેવસિંહ લખુભા કેર, જ્યોતપાર્કના લલિત રમેશ સાંગાણી, ધરારનગર સદગુરુ સોસાયટીના મહમદહનીફ સુલેમાન મોડા અને ન્યુસ્કુલ પાછળ ગોપાલ ભુવન ડેલો ખાતે રહેતા હર્ષ અનિલ જોઈસરની ધરપકડ કરવામાં આવી હતી.ધરપકડ કરાયેલા આરોપીઓ પાસેથી ૫ ચેકબુક, પાસબુક, ૯ એટીએમ કાર્ડ, ૪ મોબાઈલ ફોન અને ૫ લાખ રોકડા જપ્ત કરવામાં આવ્યા છે. આ કેસમાં રાજ ચંપાવત, જે મૂળ રાજસ્થાનનો છે અને હાલ ફિલિપાઈન્સમાં રહે છે, તેની શોધખોળ ચાલુ છે.

# મોરબીમાં નગરદરવાજા આસપાસ ટ્રાફિક નિયમભંગ કરનાર રીક્ષા ચાલકો સામે પોલીસની લાલ આંખ

## ૬ રીક્ષા ડીટેઈન કરવા સાથે રૂ.૯ હજારનો દંડ કરાયો





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ગઈકાલ તા.૧૫ જાન્યુઆરીએ જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશ કુમાર પટેલની સૂચના મુજબ શહેરના નગરદરવાજા આસપાસ મોટર વ્હીકલ એક્ટના નિયમોનો ભંગ કરનાર રીક્ષા ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ટ્રાફિક શાખા અને સ્થાનિક પોલીસ દ્વારા કરાયેલ ચેકિંગ દરમિયાન વિવિધ નિયમોના ભંગ બદલ કુલ ૬ રીક્ષાઓ ડીટેઈન કરવામાં આવી હતી. ઉપરાંત, અલગ-અલગ ગુનાઓ હેઠળ કુલ ૧૮ રીક્ષા ચાલકોને રૂ. ૯,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન કરવા સ્પષ્ટ સંદેશ આપતા આગામી દિવસોમાં પણ આવી કાર્યવાહી ચાલુ રહેશે તેવી ચેતવણી આપવામાં આવી હતી.

# જયપુર આર્મી ડે પરેડમાં જામનગર એનસીસી ગ્રુપ હેડક્વાર્ટરની ચાર કેડેટ્સ સામેલ



**મુખ્ય સમાચાર, જામનગર**

ભારતીય થલસેનાના ગૌરવ અને સાહસને પ્રદર્શિત કરતી પરેડ આજે આર્મી ડેના રોજ જયપુર ખાતે ભવ્ય રીતે આયોજિત કરવામાં આવી હતી.આ આર્મીડે પરેડમાં ઉત્તર પ્રદેશ,ગુજરાત, પંજાબ-હરિયાણા હિમાચલ તેમજ રાજસ્થાન એનસીસી ડાયરેક્ટરેટના કેડેટસે ભાગ લીધો હતો.જેમાં જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટર અંતર્ગતના ૩૬ ગુજરાત એનસીસી બટાલિયન ભુજના તોલાણી કોમર્સ કોલેજ ભુજની ચાર કેડેટ્સે ગૌરવપૂર્ણ રીતે ભાગ લીધો હતો.સિનિયર અન્ડર ઓફિસર જાડેજા હીનાબા અનિરુદ્ધસિંહ , કેડેટ પ્રજાપતિ નિકિતા કરશનભાઈ, કેડેટ ગોસ્વામી નંદની સુરેશગીરી અને કેડેટ બાલિયા રિયા હિતેશભાઈ જયપુરની આર્મી ડે પરેડની ગૌરવપૂર્ણ ક્ષણોમાં સંમિલિત રહ્યા હતા.૩૬ ગુજરાત એનસીસી બટાલિયન ભુજના કમાન્ડિંગ ઓફિસર કર્નલ વિકાસ પ્રભાકરે આ તમામ કેડેટ્સને આર્મી ડે પરેડમાં ભાગ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને રાષ્ટ્ર સેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

# જામનગર ટ્રાફિક પોલીસ કર્મચારીનું એસ.પી. દ્વારા સન્માન કરાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા મનોહરસિંહ વનરાજસિંહ ઝાલા કે જેઓએ ગત ૨૦૨૫ ના વર્ષ દરમિયાન ટ્રાફિકને લગત વાહન ચાલકો પાસેથી સમાધાન પેટે ૧૫,૨૬,૫૦૦ જેટલો દંડ વસૂલ કરી ટ્રાફિક નિયમન કરવા અંગે નિષ્ઠાપૂર્વકની કામગીરી કરવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું. જામનગરના એસ.પી. ડો. રવિ મોહન સૈની દ્વારા ટ્રાફિક શાખા ના કર્મચારી મનોહરસિંહ ઝાલા ને પોતાની કચેરીમાં બોલાવી પ્રશંસા પત્ર એનાયત કર્યો હતો, અને વિશેષથી સન્માન કર્યું હતું.

# મોરબીમાં કાચબા શિકાર કેસમાં પુરાવાના અભાવે બે આરોપી નિર્દોષ જાહેર



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના પીપળી ગામ નજીક વર્ષ ૨૦૧૮માં કાચબાના શિકારના કેસમાં પુરાવા શંકાસ્પદ સાબિત થતા મોરબીની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે બંને આરોપીઓને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કર્યો છે. ફરિયાદ પક્ષ પંચ અને સાક્ષીઓ આરોપ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યા હતા.

કેસની ટુક વિગત મુજબ, વર્ષ ૨૦૧૮માં વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમની કલમ મુજબ નોંધાયેલા કાચબા શિકારના કેસની ફરિયાદ મુજબ આરોપીઓએ તા.૨૨/૦૬/૨૦૧૮ ના રોજ પીપળી ગામના રેવન્યુ ખરાબા વિસ્તારમાં પાંચ કાચબાનો શિકાર કરી તેમને મોતને ઘાટ ઉતાર્યા હતા તથા કાચબાના માંસના ટુકડા બનાવી સ્થળ પર મૂકી ભાગી ગયા હતા. આ બાબતે રેન્જ ફોરેસ્ટ ઓફિસ મોરબી ખાતે ફરિયાદ નોંધાઈ હતી. તપાસ બાદ આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

ત્યારે ઉપરોક્ત કેસ મોરબીની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચાલુ જતા જેમાં ફરીયાદ પક્ષ દ્વારા રજૂ કરાયેલા પંચ સાક્ષીઓ તથા અન્ય સાક્ષીઓ ફરિયાદની હકીકતને સમર્થન આપી શક્યા ન હતા. અટક પંચનામા અને દફનવિધિ પંચનામાના પંચો ફરી ગયા હતા અને એ.પી.પી. દ્વારા સૂચક પ્રશ્નો પૂછ્યા છતાં પણ આરોપ સામે વિશ્વસનીય પુરાવો રજૂ થયો ન હતો. સાક્ષીઓની જુબાનીમાં એટલું તો સામે આવ્યું કે પીપળી ગામેથી પશુનું માંસ અને અવશેષ મળ્યા હતા, પરંતુ તે કાચબાનું જ માંસ હતું અને તેનો શિકાર આરોપીઓએ કર્યો હતો તે બાબત શંકા રહિત પુરવાર થઈ શકી નહોતી. ત્યારે બચાવ પક્ષના વકીલ એડવોકેટ સુખદેવ રમેશભાઈ દેલવાણીયાએ કાયદાકીય જોગવાઈઓ તથા કેસના સંજોગોને આધારે ધારદાર દલીલો રજૂ કરી હતી. કોર્ટએ આ દલીલો માન્ય રાખી પુરાવાના અભાવને ધ્યાને લઈ બંને આરોપીઓને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

# જામનગરના ધારાસભ્ય દિવ્યેશ અકબરીના જન્મદિવસની ઉજવણી પાંચ સેવા પ્રકલ્પો સાથે કરાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ૭૯- દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરી ધારાસભ્ય બન્યા પછી પોતાના અગાઉના ત્રણેય જન્મ દિવસ ની ઉજવણી વિવિધ સેવા પ્રકલ્પો હાથ ધરી ને જ કરવામાં આવી હતી, તે પરંપરા આ વખતે ૧૪મી જાન્યુઆરીએ જન્મદિવસે અવિરત ચાલુ રાખવામાં આવી હતી, અને વિવિધ પાંચ સેવા પ્રકલ્પોની સાથે જ જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી આર.સી.ફળદુ, સાંસદ પૂનમબેન માડમ,પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, શહેર ભાજપ પ્રમુખ, મેયર, ડેપ્યુટી મેયર,પૂર્વ સાંસદ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા, તેઓની ઉપસ્થિતિમાં વધુ ૬૧ બાકી રહેલા કુપોષિત બાળકોને દત્તક લેવાયા હતા, બહેનોમાં બ્રેષ્ટ કેન્સર ની જાગૃતિ માટે મેમોગ્રાફી-સ્ક્રીનીંગ સહિતના સેવા પ્રકલ્પને વધુ આગળ ધપાવાયો હતો, ઉપરાંત અતિ મહત્વના પ્રોગ્રામ કેચ ધ રેઈન અંતર્ગત જામનગરના ૩,૦૦૦ જેટલા એકમોમાં તેની અમલવારી કરવાનો નિર્ધાર કરાયો હતો, સાથોસાથ પ્લાસ્ટિક મુક્ત અભિયાન ના અનુસંધાને કપડાંની બેગ નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત નગરના ઉત્સાહી રક્તદાતાઓની મદદથી ૫૫૧ બોટલ રક્ત એકત્ર થયું હતું, જે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલ ની બ્લડ બેન્કમાં દર્દીઓના ઉપયોગ માટે જમા કરાવવામાં આવ્યું છે. જામનગર ના ૭૯- દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી કે જેઓ ધારાસભ્ય બન્યા પછી ૧૪ મી જાન્યુઆરીને મકરસંક્રાંતિના પર્વ ના દિવસે ચોથો જન્મદિવસ પાંચ વિવિધ સેવા પ્રકલ્પોની સાથે ઉજવવામાં આવ્યો હતો. સેવાકીય પ્રકલ્પો ના ભાગ રૂપે જન્મદિવસની ઉજવણી અંતર્ગત જામનગરના રણજીત નગર વિસ્તારમાં આવેલા લેઉવા પટેલ સમાજમાં યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના પૂર્વ પ્રદેશપ્રમુખ આર.સી.ફળદુ ઉપસ્થિત રહ્યા હતા, તેઓની સાથે સાંસદ પૂનમબેન માડમ,પૂર્વ કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ,ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, જામનગર શહેર ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ બીનાબેન કોઠારી, જામનગર જિલ્લા ભાજપના અધ્યક્ષ ડો. વિનોદભાઈ ભંડેરી, નગરના મેયર વિનોદભાઈ ખીમસુરીયા, ફેસ ૨ ના પ્લોટ એન્ડ શેડ હોલ્ડર એસોસિએશનના પ્રમુખ વિષ્ણુભાઈ પટેલ, ખોડલધામના નાથાભાઈ મૂંગરા અને મયુરભાઈ મૂંગરા, ખોડલધામ સમિતિના અન્ય આગેવાનો,સતવારા સમાજના આગેવાનો,લુહાર સમાજના આગેવાનો,વિશ્વકર્મા બાગના સૌ હોદેદારો,રણજીત નગર વેપારી મહામંડળના હોદ્દેદારો, શહેર ભાજપ સંગઠન ના હોદ્દેદારો, અલગ અલગ વોર્ડ ના કોર્પોરેટરઓ, શહેર ભાજપના તમામ વોર્ડ પ્રમુખ તથા કાર્યકર્તાઓ, તેમજ વિવિધ જ્ઞાતિના આગેવાનો, વેપારીઓ સમાજના અન્ય શ્રેષ્ઠીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા, અને ધારાસભ્ય દિવ્યેશભાઈ ને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી.સર્વપ્રથમ ધારાસભ્ય દિવ્યેશ અકબરી એ પ્લાસ્ટિક મુક્ત અભિયાન નો અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરાવ્યો હતો, અને લોકો પ્લાસ્ટિકની બેગ નો ઉપયોગ છોડીને તે સિવાય કપડાં સહિતની અન્ય બેગનો ઉપયોગ કરે, તે માટે વિશેષ પ્રકારની બેગ ધારાસભ્ય દ્વારા તૈયાર કરાઈ હતી, અને તેનું વિતરણ શરૂ કરાયું હતું.આ ઉપરાંત ૭૯- વિધાનસભા વિસ્તાર માં આવેલી જુદી જુદી આંગણવાડીના નવા આવેલા ૬૧ કુપોષિત બાળકોને પણ દત્તક લેવાયા હતા, અને તમામ બાળકોને સુપોષિત કરવાની ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા જવાબદારી સ્વીકારવામાં આવી હતી, અને તેઓને જરૂરી આરોગ્ય લક્ષી સુપોષણ કીટનું વિતરણ કરાયું હતું.આ ઉપરાંત જામનગર શહેરના બહેનોમાં બ્રેસ્ટ કેન્સર પ્રત્યે જાગૃતિ આવે, તે સંદર્ભમાં નગરના બહેનોના મેમોગ્રાફી-સ્ક્રીનિંગ સહિતનો પ્રકલ્પ બે વર્ષ થી શરૂ કરાયો હતો, જેને આ વખતે પણ વધુ વેગવંતો બનાવાયો છે. જેમાં પણ વધુ ને વધુ બહેનો જોડાઈ ને જાગૃતિ દાખવી છે, ઉપરાંત જન સંપર્ક કાર્યાલયમાં રજીસ્ટ્રેશન ની પ્રક્રિયા અવીરત ચાલુ રખાઈ છે.કેચ ધ રેઈન પ્રોજેક્ટને જામનગરના -૭૯ દક્ષિણ વિધાનસભા વિસ્તારમાં અમલી બનાવવા માટે આજના દિવસે સંકલ્પ કરાયો હતો અને ૩,૦૦૦ જેટલા એકમોમાં ધારાસભ્ય દિવ્યેશભાઈ દ્વારા અમલવારી કરાવવામાં આવશે તેનો પણ સંકલ્પ કરવામાં આવ્યો હતો. ધારાસભ્ય દિવ્યેશ અકબરી ના જન્મદિવસ નિમિત્તે સતત ચોથા વર્ષે મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જામનગર શહેરના ખૂબ જ ઉત્સાહી એવા ૫૫૧ થી વધુ રક્તદાતાઓ દ્વારા મહા રક્તદાન કરવામાં આવ્યું હતું, અને ૫૫૧ બોટલ રક્ત એકત્ર કરાયું છે, જે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલના દર્દીઓની સારવાર માટે જી.જી. હોસ્પિટલની બ્લડ બેન્ક માં જમા કરાવી દેવાયું છે.

# મોરબીના બેઠાપુલ પાસે નજીવી બાબતે હિંસક અથડામણ, વૃદ્ધના મોત બાદ બનાવ હત્યામાં પલટાયો

## પાંચ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ, પાંચ ઈજાગ્રસ્તોની સારવાર ચાલુ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના બેઠાપુલ પાસે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં નજીવી બાબતે થયેલી બોલાચાલી હિંસક મારામારીમાં ફેરવાઈ હતી. આ ઘટનામાં લાકડાના ધોકા અને પથ્થરો વડે હુમલા થતા એક વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું, જેના પગલે બનાવ હત્યામાં પલટાયો છે. સમગ્ર ઘટનામાં પાંચ અન્ય વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા છે. પોલીસે પાંચ આરોપીઓ સામે ફરિયાદ નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

મોરબી શહેરના બેઠાપુલ પાસે આવેલી ઝૂંપડપટ્ટી વિસ્તારમાં તા. ૧૪/૦૧/૨૦૨૬ના રોજ મોડી સાંજે ગંભીર મારામારીનો બનાવ બન્યો હતો. જેમાં ફરિયાદી અજયભાઈ રમેશભાઈ હઠીલા ઉવ.૨૫ રહે. હાલ મયુર પુલ નીચે મચ્છુ નદીના પટ્ટમાં મૂળ રહે.ગામ હાથીધરા તા-લીમખેડા જી.દાહોદ વાળા દ્વારા નોંધાવેલી ફરિયાદ મુજબ, તાપણું કરી બેઠા હોય ત્યારે નજીવી વાતચીત દરમિયાન બોલાચાલી થતાં આરોપી મનોજભાઈ કાસુભાઈ ચાડમીયા, તેના પિતા કાસુભાઈ, તેના સાળા દિલીપભાઈ તથા તેના સસરા ઘોઘાભાઈ અને સવસીભાઈ ઉશ્કેરાઈ ગયા હતા. આરોપીઓએ લાકડાના ધોકા અને પથ્થરો વડે હુમલો કરતા ફરિયાદી સહિત અજય ખરેડી, દીપુ ખરેડી, બંટી ડામોર અને અનુબેનને માથા તથા શરીરના ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મોરબી સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ મારામારી દરમિયાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા કાસુભાઈ હોથીભાઈ ચાડમીયા ઉંમર અંદાજે ૬૦ વર્ષ વાળાનું સારવાર દરમિયાન મોત થતાં સમગ્ર ઘટના હવે હત્યાના ગુનામાં પરિણમી છે. બનાવની જાણ થતાં મોરબી સીટી બી ડિવિઝન પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. હાલ પોલીસે ફરિયાદના આધારે પાંચ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી લીધો છે તેમજ વૃદ્ધના મોતને ધ્યાને લઈ સામા પક્ષના આરોપીઓ સામે પણ હત્યાના ગુનાની કલમ સહિત ગુનો નોંધવા વધુ તપાસની તજવીજ શરૂ કરી છે.

## વાંકાનેર સીરામીક ફેક્ટરીમાં કામ દરમિયાન કન્વેયર બેલ્ટમાં આવી જતા મહિલા મજૂરનું મોત

વાંકાનેર તાલુકાના ઢુવા-માટેલ રોડ પર આવેલ સનહાર્ટ સીરામીક કારખાનામાં અકસ્માતનો બનાવ બન્યો છે. સફાઈ કામ કરતી વખતે કન્વેયર બેલ્ટમાં સાડી ફસાતા મહિલા મજૂરને ગંભીર ઈજા પહોચતા શ્રમિક મહિલાનું મૃત્યુ નીપજ્યું હતું. વાંકાનેર તાલુકાના ઢુંવા-માટેલ રોડ ઉપર સનહાર્ટ સીરામીક કારખાનામાં ગઈકાલ તા.૧૫/૦૧ના રોજ કરુણ અકસ્માત સર્જાયો હતો. કારખાનામાં સફાઈ કામ કરતી કમલાબાઈ મનીરામભાઈ સોન ઉવ.૪૫ રહે.હાલ સનહાર્ટ સીરામીકના લેબર કવાર્ટરમાં મુળ રહે.કજરઇ ગામ તા-ખોરઇ જી.સાગર (મધ્યપ્રદેશ) વાળાની સાડી અકસ્માતે કન્વેયર બેલ્ટમાં આવી ગઈ હતી. બેલ્ટમાં સાડી ફસાતા માથાના વાળ ખેંચાઈ જતા તેમને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. બનાવ બાદ તેમને તાત્કાલિક સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમ્યાન તેમનું મોત નિપજ્યું હતું. વાંકાનેર તાલુકા પોલીસે અ.મોત નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## મોરબીમાંથી ગુમ થયેલી ૧૯ વર્ષીય યુવતી મળી આવી

મોરબી-૨ વિસ્તારમાંથી ગુમ થયેલી યુવતી અમરેલી જીલ્લાના કુકાવાવ ખાતે મળી આવી છે. લગ્ન નોંધણીના દસ્તાવેજો સાથે યુવતી પરત ફરતાં પોલીસ તથા પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુમસુધા એન્ટ્રી મુજબ મોરબી-૨ પ્રભુકૃપા ટાઉનશીપમાં રહેતી સિમા અરવિંદભાઇ મનુભાઇ જોધાણી ઉવ.૧૯ વર્ષ ૮ મહિના વાળી ગઈ તા.૨૨/૧૨/૨૦૨૫ના રોજ સવારના આશરે ૧૧ થી ૧૨૩૦ વાગ્યા વચ્ચે ડી-માર્ટ વિસ્તારમાંથી ગુમ થઈ હતી. પરિવારજનોએ શોધખોળ કર્યા બાદ યુવતી ન મળતાં પોલીસમાં જાણ કરાઈ હતી. પોલીસે તપાસ હાથ ધરી વિવિધ સ્થળોએ તપાસ કરી હતી. દરમિયાન યુવતી અમરેલી જીલ્લાના ભુખલી સાંથલી કુકાવાવ ખાતે લગ્ન નોંધણીના દસ્તાવેજો સાથે તા.૧૫/૦૧/૨૦૨૬ના રોજ પરત આવી હોવાનું જાણવા મળ્યું હતું. યુવતી મળી આવતા પોલીસ દ્વારા જરૂરી કાર્યવાહી કરી હતી.

# વાંકાનેરના સતાપર ગામે કચરો નાખવાના મુદ્દે મારામારી, સામસામી ફરિયાદો નોંધાઈ

## વાંકાનેર તાલુકા પોલીસે ચાર મહિલા સહિત સાત આરોપીઓ સામે ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના સતાપર ગામે ઘર સામે કચરો નાખવા અને હનુમાનજીના ઓટે રોટલી મુકવા જેવી નજીવી બાબતે થયેલી બોલાચાલી હિંસક મારામારીમાં ફેરવાઈ હતી. આ ઘટનામાં એક મહિલાને માથા તથા શરીરે ઈજા પહોંચી હતી જ્યારે એક યુવતીના હાથની આંગળીમાં ફ્રેક્ચર થયું હતું. બંને પક્ષોની સામસામી ફરિયાદના આધારે વાંકાનેર તાલુકા પોલીસે ચાર મહિલા સહિત સાત લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

વાંકાનેર તાલુકાના સતાપર ગામે ગઈકાલ તા. ૧૫/૦૧/૨૦૨૬ના રોજ સવારના સમયે ઘર સામે કચરો નાખવા અને હનુમાનજીના ઓટે રોટલી મુકવાના મુદ્દે બે પાડોશી પરિવાર વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. પ્રથમ ફરિયાદમાં સારદાબેન રમેશભાઈ સારેસા ઉવ.૪૫ દ્વારા નોંધાઈ હતી, જેમાં આરોપી વિજયભાઈ સોમાભાઈ સારેસા, તેના ભાઈ રમેશભાઈ અને માતા માલુબેનને કચરો નાખવાની ના પાડતા તેમને ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. હુમલામાં સારદાબેનને માથા અને શરીરે મુંઢ ઈજાઓ પહોંચી હતી તેમજ તેમની દીકરી ઉરમીલાબેનના હાથની આંગળી મરડતા ફ્રેક્ચર થયું હતું, જેના કારણે તેણીની સારવાર ચાલુ છે.

સામાપક્ષે ફરિયાદી વિજયભાઈ સોમાભાઈ સારેસા ઉવ.૩૨ દ્વારા સમેપક્ષે ફરિયાદ નોંધાવવામાં આવી છે. તેમની ફરિયાદ મુજબ, હનુમાનજીના ઓટે રોટલી મુકવા ગયા ત્યારે આરોપી સારદાબેન અને તેમના પરિવારજનો દ્વારા બોલાચાલી કરી ગાળો આપવામાં આવી હતી અને પ્લાસ્ટિકના પાઇપ તથા લાકડી વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ફરિયાદી વિજયભાઈ, તેમના ભાઈ રમેશભાઈ અને માતા માલુબેનને મુંઢ ઈજાઓ પહોંચી હતી. બંને પક્ષોની ફરિયાદના આધારે વાંકાનેર તાલુકા પોલીસે ચાર મહિલા સહિત કુલ સાત આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબી મયુરપુલ નીચે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં હત્યાનો બનાવ, ચાર આરોપીઓ સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના મયુરપુલ નીચે નદીના પટમાં આવેલ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં પ્રેમસંબંધને લઈ થયેલી બોલાચાલી બાદ મારામારીનો બનાવ બન્યો હતો. જેમાં કાસુભાઈ ચાડમીયા ઉવ.૬૦ નામના વૃદ્ધને તીક્ષ્ણ હથિયારના ઘા મારી મોત નિપજાવવામાં આવ્યું હતું. આ મામલે મોરબી સીટી બી ડિવિઝન પોલીસે ચાર આરોપીઓ સામે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હત્યાના ગુના અંગેની વિગતો મુજબ, ગઈ તા.૧૪/૦૧ના રોજ રાત્રે લગભગ ૧૦૩૦ વાગ્યાના અરસામાં મોરબીના મયુરપુલ નીચે નદીના પટમાં ઝૂંપડામાં રહેતા લોકો વચ્ચે ઝઘડો થયો હતો. સમગ્ર બનાવ બાબતે ફરિયાદી મનોજભાઈ કાસુભાઈ ચાડમીયાએ આરોપી (૧)અજય રમેશભાઈ હઠીલા, (૨)અજય ભનુભાઈ, (૩)બંટી ડામોર, (૪)દિપુ અરજણભાઈ રહે.ચારેય મોરબી મયુરપુલ નીચે ઝુંપડામા તા.જી.મોરબી વાળા વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી કે, આરોપી અજય રમેશભાઈ હઠીલા અને ફરિયાદીની બહેન ગીતાબેન વચ્ચે પ્રેમસંબંધ હતો અને લગ્નની વાતને લઈને બોલાચાલી થઈ હતી. આ બોલાચાલી બાદ ઝઘડો ઉગ્ર બનતા આરોપી અજય હઠીલાએ તેના પડોશમાં રહેતા આરોપી અજય ભનુભાઈ, બંટી ડામોર અને દિપુ અરજણભાઈને બોલાવી લીધા હતા. ચારેય આરોપીઓએ ફરિયાદી તથા સાહેદો પર છૂટા પથ્થરો અને ત્યાં પડેલા લાકડાના ધોકા વડે હુમલો કર્યો હતો. ત્યારબાદ ફરિયાદીના પિતા કાસુભાઈ ચાડમીયાને ઘસડીને બાવળની કાંટમાં લઈ જઈ તીક્ષ્ણ હથિયારથી સાથળમાં ઘા મારી ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યા હતા. ગંભીર ઈજાઓને કારણે કાસુભાઈનું મોત નિપજ્યું હતું. આ સમગ્ર ઘટનાને લઈ મોરબી સીટી બી ડિવિઝન પોલીસે આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧) તથા જીપી.એક્ટ સહિતની કલમ મુજબ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# ધ્રોલમાં તસ્કરો ત્રાટક્યા: સોનીની દુકાનને નિશાન બનાવી ૧૭ લાખથી વધૂના દાગીનાની ચોરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલમાં એક સોની વેપારીની દુકાનમાં ચોરી થયાની અને તસ્કરો દિવાલમાં બાકોરૂ પાડી રૂપિયા ૧૭.૫૬ લાખની કિંમતના સોના ચાંદીના દાગીના ઉઠાવી ગયાની ફરિયાદ ધ્રોલ પોલીસ મથકમાં નોંધાવતાં ભારે ચકચાર જાગી છે. સીસીટીવી કેમેરામાં દેખાયેલા ૩ તસ્કરોને શોધવા માટે ધ્રોળ પોલીસે કોમ્બિંગ હાથ ધર્યું છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જોડીયા તાલુકાના હડિયાણા ગામમાં રહેતા અને ધ્રોલમાં નગરપાલિકાની કચેરી નજીક સોની કામની દુકાન ધરાવતા પ્રકાશભાઈ હેમંતલાલ ભીંડી નામના સોની વેપારીએ ધ્રોળ પોલીસ મથક નો સંપર્ક સાધ્યો હતો, અને પોતાની દુકાનમાંથી તસ્કરો કુલ રૂપિયા ૧૭,૫૮૦૦૦ ના સોના ચાંદીના ઘરેણા ની ચોરી કરી લઈ ગયા ની ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર તસ્કરોએ કોઇ તસ્કરોએ પાછળની દીવાલમાં બાકોરું પાડી લઈ અંદર પ્રવેશ મેળવી લીધો, હતો અને શોકેસમાં રાખેલા તેમજ તિજોરીમાં રાખેલા કુલ ૧૭.૫૬ લાખની કિંમતમાં સોના ચાંદીના દાગીનાની ચોરી કરી લઈ ગયા હતા.જે ફરિયાદ બાદ ધ્રોળના પોલીસ ઇન્સ્પેક્ટર એચ.વી. રાઠોડ અને તેઓની ટીમ દ્વારા તાત્કાલિક અસરથી તપાસનો ધમ ધમાટ શરૂ કરાયો હતો. ત્રણ તસ્કરો સીસીટીવી કેમેરામાં કેદ થયા હોવાથી તેના વર્ણનના આધારે ધ્રોલ પોલીસે ગઈ રાતે કોમ્બિંગ હાથ ધર્યું છે, અને તસ્કરો ને શોધવા માટેની વાયત શરૂ કરી દીધી છે.

## મોરબીના રાજપર(કું) પાસે તળાવમાં ડૂબી જતાં યુવકનું મૃત્યુ

મોરબી તાલુકાના રાજપર(કું) ગામની સીમમાં આવેલા તળાવમાં ૨૫ વર્ષીય યુવક ડૂબી જતાં મોત થયું હતું. ત્યારે મોરબી તાલુકા પોલીસે અ.મોતની કરી આગળની તપાસ શરૂ કરી છે. મોરબી તાલુકાના રાજપર (કુંતાસી) ગામની સીમમાં ફડસર તરફ જવાના રસ્તા પર આવેલા તળાવમાં ગઈકાલ તા.૧૫/૦૧ના રોજ ૨૫ વર્ષીય પ્રકાશભાઈ પ્રતાપભાઈ પલાસ રહે.મુળ વાંકડીગામ નાળ ફળીયુ તા.સંતરામપુર જી.મહીસાગર વાળા કોઈ કારણોસર તળાવમાં પાણીમાં ડૂબી જતાં મોતને ભેટ્યા હતા. બનાવની જાણ થતાં મોરબી તાલુકા પોલીસ સ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. ત્યારે પોલીસે મૃતકની પત્ની સોનલબેન પાસે પ્રાથમિક વિગતો મેળવી અ.મોત નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# ભાદર-૨ ડેમમાંથી રવિ સિંચાઈ માટે ૧૭મીએ પાણી છોડાશે: નદીના પટમાં અવર-જવર કરવી નહીં

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

ઘેડ વિસ્તારમાં રવિ સિંચાઈ માટે ભાદર-૨ જળાશયમાંથી ૧૭મી જાન્યુઆરીએ સવારે ૯.૦૦ કલાકે પાણી છોડવામાં આવશે. ૨૦૦ એમ.સી.એફ.ટી. જળજથ્થો છોડવા ડેમના ત્રણ દરવાજા ચાર ફૂટ ખોલીને ૧૬૬૨૦ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવશે.

આથી ડેમના નીચાણવાળા વિસ્તારમાં આવતા ભાદર કાંઠાના ગામના લોકોને નદીના પટમાં અવર-જવર નહીં કરવા તેમજ નદીમાંથી પાણી લેવા માટે મુકાયેલા એન્જિન, ઈલે. મોટર, પાઈપ-લાઈન કે અન્ય અગાઉથી મશીનરી દૂર કરવી. ઉપરાંત નદીના પટમાં અપાયેલી લીઝ, વાડા સાથે જોડાયેલા લોકોને સલામત સ્થળે ખસી જવા સૂચના જારી કરાઈ હોવાનું રાજકોટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના મામલતદારની યાદીમાં જણાવાયું છે.

# હળવદના કડીયાણા ગામે લીવરની બીમારીથી કંટાળી આધેડે ઝેરી દવા પી લેતા મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના કડીયાણા ગામે લીવરની લાંબા સમયની તકલીફથી પીડાતા એક આધેડે ઝેરી દવા પી લીધી હતી. જેથી સારવાર માટે મોરબી સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમ્યાન તેમનું મોત નિપજ્યું હતું.



હળવદ તાલુકાના નવા કડીયાણા ગામે કરુણ બનાવ સામે આવ્યો છે. જેમાં જાદવજીભાઈ કાનજીભાઈ વઢરેકીયા ઉવ.૪૭ વાળાને છેલ્લા એકાદ વર્ષથી લીવરની ગંભીર તકલીફ હતી, જેના કારણે તેઓ માનસિક રીતે ખૂબ કંટાળેલા હતા. આ પરિસ્થિતિમાં ગત તા.૦૬/૦૧ના રોજ પોતાના રહેણાક મકાને પાકમાં છાટવાની ઝેરી જંતુનાશક દવા પી લીધી હતી. ઝેરી દવાની અસર થતાં તેમને તાત્કાલિક મોરબી સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન તા.૦૮/૦૧/૨૦૨૬ના રોજ તેમનું મોત નિપજ્યું હતું. મૃત્યુના બનાવ અંગે હળવદ પોલીસે અ.મોત નોંધ કરી વધુ તપાસ શરૂ કરી છે.

# 'VGRC-2026' થકી કચ્છ-સૌરાષ્ટ્રમાં વિકાસની સંક્રાંતિઃ ૬.૨૬ લાખથી વધુ લોકો માટે રોજગારીની તક ઊભી થશે

### કચ્છ જિલ્લામાં સૌથી વધુ રૂ. ૧.૨૫ લાખ કરોડના રોકાણવાળા કુલ ૪૫૮ પ્રોજેક્ટસ માટે એમ.ઓ.યુ. : બીજા ક્રમે ભાવનગરમાં કુલ રૂ. ૬૦ હજાર કરોડના રોકાણના ૩૦૬ પ્રોજેક્ટસ, અમરેલીમાં રૂ. ૩૬ હજાર કરોડના ૬૨ પ્રોજેક્ટસ માટે એમ.ઓ.યુ. : રાજકોટ જિલ્લામાં રૂ. ૨૩ હજાર કરોડના રોકાણના ૨૯૨૧ પ્રોજેક્ટસ માટે સમજૂતિ કરાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**
**આલેખન : સંદીપ કાનાણી**

કચ્છ અને સૌરાષ્ટ્રની ઔદ્યોગિક કુશળતાને વૈશ્વિક ઊંચાઈ આપવા તથા નિકાસનું હબ બનાવવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ હાલમાં જ સંપન્ન થઈ. જેના થકી કચ્છ-સૌરાષ્ટ્રમાં કુલ રૂપિયા ૫,૭૮,૩૩૦ કરોડ રૂપિયાના રોકાણના લક્ષ્યાંક સાથે ૫૪૯૨ પ્રોજેક્ટસ એમ.ઓ.યુ. (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ - સમજૂતિ કરાર) થયા છે, જેને સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે. જેનાથી ૬,૨૬,૨૫૩ જેટલી રોજગારીની તકો ઊભી થશે. આમ આ મકરસંક્રાતિએ વી.જી.આર.સી.-૨૦૨૬ થકી કચ્છ-સૌરાષ્ટ્રમાં વિકાસની સંક્રાંતિ શરૂ થઈ છે.

પ્રાપ્ત થયેલી વિગતો મુજબ, વી.જી.આર.સી.માં સૌથી વધુ રોકાણમાં કચ્છ જિલ્લો પ્રથમ ક્રમે રહ્યો છે. કચ્છમાં કુલ રૂ. ૧,૨૫,૦૧૭ કરોડની રકમના કુલ ૪૫૮ પ્રોજેક્ટસના એમ.ઓ.યુ. થયા છે. જેના થકી ૪૮,૪૧૯ લોકોને રોજગારી તક ઊભી થઈ છે.

બીજા ક્રમે ભાવનગર જિલ્લો રહ્યો છે. આ પંથકમાં કુલ રૂ. ૬૦,૧૭૬ કરોડની રકમના કુલ ૩૦૬ એમ.ઓ.યુ. આવ્યા છે. જેના થકી અંદાજે ૧,૮૪,૬૦૬ લોકો માટે રોજગારીનું સર્જન થશે.

ત્રીજા ક્રમે અમરેલી જિલ્લો રહ્યો છે. જ્યાં રૂ. ૩૬,૨૭૫ કરોડની રકમના કુલ ૬૨ પ્રોજેક્ટસના સમજૂતિ કરાર થયા છે. જેના થકી ૧,૧૧,૪૪૭ રોજગારી મળશે.

રાજકોટ જિલ્લામાં કુલ રૂ. ૨૩,૧૬૦ કરોડની રકમના ૨૯૨૧ પ્રોજેક્ટના એમ.ઓ.યુ. સાઈન થયા છે. આ પ્રોજેક્ટસ થકી કુલ ૩૯,૪૨૩ લોકો માટે રોજગારીની તકો સર્જાઈ છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રોકાણ માટે રોકાણકારોએ ભારે ઉત્સાહ દાખવ્યો છે. સમુદ્રીતટીય આ જિલ્લામાં કુલ રૂ. ૩૪,૪૩૯ કરોડના રોકાણના ૮૫ સમજૂતિ કરાર કરવામાં આવ્યા છે. જેના થકી ૧૧,૫૧૪ રોજગારીની તકો સર્જાશે.

જામનગર જિલ્લો પણ રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે. આ પંથકમાં કુલ રૂ. ૧૫,૩૦૦ કરોડના રોકાણના ઈરાદા સાથે ૩૫૭ સમજૂતિ કરારો થયા છે. જેના થકી ૮૮૫૭ લોકોને રોજગારી મળશે તેવો અંદાજ છે.

પોરબંદર જિલ્લામાં રૂ. ૯૦૮૯ કરોડના રોકાણ માટે કુલ ૪૪૭ પ્રોજેક્ટના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. જેનાથી ૯૯૫૪ લોકો માટે રોજગારીની તકો ઊભી થઈ છે.

મોરબી જિલ્લામાં રૂ.૪૭૯૫ કરોડના રોકાણના ઈરાદા તેમજ ૧૨,૦૯૬ લોકોને રોજગારીના પ્લાનિંગ સાથે ૧૯૧ સમજૂતિ કરારના હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

જૂનાગઢ જિલ્લામાં રૂ. ૩૩૨૪ કરોડના રોકાણના લક્ષ્ય તથા ૪૩૦૫ રોજગારના અંદાજ સાથે ૨૨૮ પ્રોજેક્ટના એમ.ઓ.યુ. થયા છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ રૂ. ૨૮૧૭ કરોડના રોકાણના ઈરાદા સાથે કુલ ૧૯૩ પ્રોજેક્ટસના એમ.ઓ.યુ. સાઈન થયા છે.

ગીર સોમનાથ જિલ્લામાં કુલ રૂ.૧૩૫૩ કરોડના રોકાણના ધ્યેય સાથે કુલ ૧૫૧ કરારો કરવામાં આવ્યા છે.

બોટાદ જિલ્લામાં કુલ રૂ. ૨૯૧ કરોડની રકમના ૩૪ એમ.ઓ.યુ. સાઈન કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત વિવિધ સ્થળોએ કુલ રૂ. ૨,૬૨,૨૯૩ કરોડના રોકાણના ઈરાદા સાથે ૫૯ એમ.ઓ.યુ. મંજૂર કરાયા છે. જેના દ્વારા ૧,૮૧,૧૪૩ લોકો માટે રોજગારીની તકનું સર્જન થયું છે.

# રાજકોટ રેલ્વે સ્ટેશન પર સ્માર્ટ ડિજિટલ લોકર સુવિધા શરૂ




### રેલ્વેની આધુનિક 'સેલ્ફ-સર્વિસ' ક્લોક રૂમ સુવિધા-મુસાફરો માટે સુરક્ષિત, સ્વચાલિત અને અનુકૂળ સામાન સંગ્રહ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુસાફરોની સુવિધાને નવી ઊંચાઈઓ પર લઈ જવા અને સ્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આધુનિકીકરણની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલના ભાગરૂપે, પશ્ચિમ રેલ્વેના રાજકોટ ડિવિઝને રાજકોટ રેલ્વે સ્ટેશન પર સ્માર્ટ ડિજિટલ લોકર સુવિધાની શરૂઆત કરી છે. આ અત્યાધુનિક સુવિધા મુસાફરોને સુરક્ષિત, સંપૂર્ણ સ્વચાલિત અને અનુકૂળ સામાન સંગ્રહની સુવિધા પૂરી પાડે છે.

આ સેવા ત્રણ વર્ષના કરાર હેઠળ શરૂ કરવામાં આવી છે અને ભારતીય રેલ્વે દ્વારા ટેક્નોલોજી આધારિત મુસાફર સુવિધાઓને પ્રોત્સાહન આપવાની દિશામાં આ એક મોટું પગલું છે. આ ડિજિટલ લોકર સુવિધા રાજકોટ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ પર સ્થિત અપર ક્લાસ વેઈટિંગ હોલની નજીકના વિસ્તારમાં સ્થાપિત કરવામાં આવી છે, જેથી મુસાફરો માટે તેનો ઉપયોગ કરવો અત્યંત સરળ રહેશે.

રેલ્વે સ્ટાફ વગર સ્વયં સંચાલનની સુવિધા : પરંપરાગત ક્લોક રૂમ પ્રણાલીથી વિપરીત, સ્માર્ટ ડિજિટલ લોકર સિસ્ટમ મુસાફરોને કોઈ પણ રેલ્વે કર્મચારીની મદદ વગર જાતે જ પોતાનો સામાન રાખવા અને મેળવવાની સુવિધા આપે છે.

(૧) લોકર OTP અને QR કોડ આધારિત એક્સેસ પર કાર્ય કરે છે., (૨) આ પ્રક્રિયા ઝડપી, સુરક્ષિત અને સંપૂર્ણપણે યુઝર-ફ્રેન્ડલી છે., (૩) તમામ ચુકવણી ડિજિટલ અને કેશલેસ છે, જે પારદર્શિતા વધારે છે અને રોકડ વ્યવહારની જરૂરિયાત દૂર કરે છે.

ઝડપી, સુરક્ષિત અને સુવિધાજનક દરેક મુસાફર માટે યોગ્ય : આ નવી સુવિધા ખાસ કરીને એવા મુસાફરો માટે આશીર્વાદરૂપ સાબિત થશે જેઓ થોડા કલાકો માટે રાજકોટ આવ્યા છે અને પોતાનો ભારે સામાન સ્ટેશન પર સુરક્ષિત મૂકીને શહેરની મુલાકાત લેવા માંગે છે. આ પહેલ મુસાફરોની સુવિધાઓને વધુ બહેતર બનાવશે.

રાજકોટ સ્ટેશન પર લોકર વપરાશ શુલ્ક (કદ અને સમય મુજબ) :

લાર્જ લોકર : રૂ.૨૩.૬ (૧ કલાક), રૂ.૭૦.૮ (૩ કલાક), રૂ.૧૪૧.૬ (૬ કલાક), રૂ.૨૮૩.૨ (૧૨ કલાક), રૂ.૫૬૬.૪ (૨૪ કલાક)

એક્સ્ટ્રા-લાર્જ લોકર : રૂ.૩૫.૪ (૧ કલાક), રૂ.૧૦૬.૨ (૩ કલાક), રૂ.૨૧૨.૪ (૬ કલાક), રૂ.૪૨૪.૮ (૧૨ કલાક), રૂ. ૮૪૯.૬ (૨૪ કલાક)

મુસાફરોની સુવિધા માટે દર પત્રક ડિજિટલ લોકર પર પ્રદર્શિત કરવામાં આવ્યું છે. આવી જ સ્માર્ટ ડિજિટલ લોકર સુવિધા તાજેતરમાં રાજકોટ ડિવિઝનના દ્વારકા અને જામનગર સ્ટેશન પર પણ શરૂ કરવામાં આવી છે. રાજકોટ ડિવિઝન મુસાફરોને વિશ્વસ્તરીય સુવિધાઓ પૂરી પાડવા માટે સતત કાર્યરત છે.

# યોગ, કસરત અને સંતુલિત આહાર તંદુરસ્ત જીવનનો આધાર

### રાજ્ય સરકાર દ્વારા ''મેદસ્વિતામુક્ત અભિયાન'' - સ્વસ્થ ગુજરાતના નિર્માણ તરફ મહત્વપૂર્ણ પહેલ

**ખાસ લેખઃ હેમાલી ભટ્ટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલ ''મેદસ્વિતામુક્ત અભિયાન'' સ્વસ્થ ગુજરાતના નિર્માણ તરફ મહત્વપૂર્ણ પહેલ છે. વધતી મેદસ્વિતા અને તેનાથી ઊભી થતી ડાયાબિટીસ, બ્લડપ્રેશર, હૃદયરોગ જેવી બીમારીઓને અટકાવવા માટે આ અભિયાન દ્વારા જનજાગૃતિ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. નાગરિકોને સંતુલિત આહાર, નિયમિત કસરત, યોગ-પ્રાણાયામ તથા સક્રિય જીવનશૈલી અપનાવવા પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.

મેદસ્વિતા ઘટાડવા માટે સૌપ્રથમ સંતુલિત અને પોષણયુક્ત આહાર અપનાવવો અત્યંત જરૂરી છે. ભોજનમાં લીલાં શાકભાજી, ફળો, દાળ અને સંપૂર્ણ અનાજનો સમાવેશ કરવાથી શરીરને જરૂરી પોષક તત્વો મળે છે. તળેલું ભોજન, ફાસ્ટફૂડ અને મીઠાઈઓના સેવનથી બચવું જોઈએ તેમજ ખાંડ અને મીઠાનો ઉપયોગ મર્યાદિત રાખવો જરૂરી છે. સમયસર અને માપસર ભોજન લેવાથી પાચનતંત્ર સ્વસ્થ રહે છે અને વજન નિયંત્રણમાં મદદ મળે છે.

મેદસ્વિતા ઘટાડવામાં નિયમિત શારીરિક કસરતનો મહત્વનો ફાળો છે. રોજ ઓછામાં ઓછા ૩૦ મિનિટ ચાલવું, દોડવું, સાયકલિંગ કરવું કે અન્ય કસરતો કરવાથી શરીરમાં સંગ્રહિત વધારાની ચરબી ઘટે છે. યોગાસન અને પ્રાણાયામ પણ શરીરને સક્રિય રાખવામાં મદદરૂપ બને છે. લિફ્ટના બદલે સીડીઓનો ઉપયોગ જેવી નાની આદતો પણ દૈનિક કસરતનો ભાગ બની શકે છે.

યોગ અને પ્રાણાયામ મેદસ્વિતા ઘટાડવાની સાથે માનસિક સ્વાસ્થ્ય માટે પણ લાભદાયક છે. સૂર્યનમસ્કાર, પવનમુક્તાસન, ભુજંગાસન સહિતના આસનો શરીરની ચરબી ઘટાડવામાં મદદ કરે છે. કપાલભાતિ અને અનુલોમ-વિલોમ પ્રાણાયામથી પાચનશક્તિ સુધરે છે અને તણાવમાં ઘટાડો થાય છે, જે વજન નિયંત્રણ માટે મહત્વપૂર્ણ છે.

પર્યાપ્ત પાણીનું સેવન પણ વજન નિયંત્રણ માટે આવશ્યક છે. ખાંડવાળા પીણાં, કોલ્ડડ્રિન્ક્સ અને પેકેટવાળા જ્યુસના બદલે સાદું પાણી અથવા છાશ જેવા આરોગ્યદાયક વિકલ્પો પસંદ કરવા જોઈએ.

નિયમિત આરોગ્ય તપાસ દ્વારા વજન, , બ્લડ શુગર અને બ્લડ પ્રેશરની ચકાસણી કરવી જરૂરી છે. ડોક્ટર અથવા પોષણ નિષ્ણાતની સલાહ અનુસાર જીવનશૈલીમાં ફેરફાર કરવાથી મેદસ્વિતા પર અસરકારક રીતે નિયંત્રણ મેળવી શકાય છે.

સુવ્યવસ્થિત દિનચર્યા મેદસ્વિતા ઘટાડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. દરરોજ ૭થી ૮ કલાક પૂરતી ઊંઘ લેવાથી શરીરનું મેટાબોલિઝમ યોગ્ય રીતે કાર્ય કરે છે. મોડું સૂવું, મોબાઈલ અને ટીવીનો અતિરેક ઉપયોગ જેવી આદતો ટાળવી જોઈએ. સમયસર સૂવાની અને જાગવાની ટેવ સ્વસ્થ જીવનશૈલી માટે જરૂરી છે.

# રાજકોટ આર.ટી.ઓ.ના ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકની રજાના દિવસે બુક થયેલી એપોઈન્ટમેન્ટના શેડ્યુઅલમાં ફેરફાર

### અરજદારોએ કચેરી ખાતે નવી ફાળવેલી તારીખે આવવાનું રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, રાજકોટ ખાતે કાર્યરત ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક ગત તા. ૧૦ અને ગત તા. ૧૪ જાન્યુઆરીએ જાહેર રજાના કારણે બંધ હોવાથી આ રજાના દિવસોમાં જે અરજદારોની એપોઈન્ટમેન્ટ બુક થઇ હતી, તેમના શેડ્યુઅલમાં ફેરફાર કરાયા છે.

જે મુજબ તા. ૧૦ના રોજ જે અરજદારોએ ટુ વ્હીલર અને ફોર વ્હીલરની સવારે ૧૧.૩૦ કલાકથી સાંજે ૪:૩૦ કલાક સુધી એપોઈન્ટમેન્ટ લીધેલી હોય, તેઓએ તા. ૧૬ના રોજ સવારે ૮:૩૦ કલાકથી સાંજે ૭:૩૦ કલાક દરમિયાન ટેસ્ટ માટે આવવાનું રહેશે. તેમજ તા. ૧૦ના રોજ જે અરજદારોએ ટુ વ્હીલર અને ફોર વ્હીલરની સાંજે ૪:૩૦ કલાકથી સાંજે ૭:૩૦ કલાક સુધી એપોઈન્ટમેન્ટ લીધેલી હોય, તેઓએ તા. ૧૭ના રોજ સવારે ૮:૩૦ કલાકથી સાંજે ૭:૩૦ કલાક દરમિયાન ટેસ્ટ આપવા આવવાનું રહેશે.

વધુમાં, તા. ૧૪ના રોજ જે અરજદારોએ ટુ વ્હીલર અને ફોર વ્હીલરની સવારે ૮:૩૦ કલાકથી બપોરે ૧:૩૦ કલાક સુધી એપોઈન્ટમેન્ટ લીધેલી હોય, તેઓએ તા. ૧૯ના રોજ સવારે ૮:૩૦ કલાકથી સાંજે ૭:૩૦ કલાક દરમિયાન ટેસ્ટ આપવા આવવાનું રહેશે. તેમજ તા. ૧૪ના રોજ જે અરજદારોએ ટુ વ્હીલર અને ફોર વ્હીલરની બપોરે ૧:૩૦ કલાકથી સાંજે ૭:૩૦ કલાક સુધી એપોઈન્ટમેન્ટ લીધેલી હોય, તેઓએ તા. ૨૦ના રોજ સવારે ૮:૩૦ કલાકથી સાંજે ૭:૩૦ કલાક દરમિયાન ટેસ્ટ આપવા આવવાનું રહેશે, તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# સાયલાના સુદામડાની સીમમાં પોલીસનો દરોડો ૩૪.૫૧ લાખનો વિદેશી દારૂ ઝડપાયો



### ૨૫૬૮ બોટલ સહિત ૩૯.૭૬ લાખનો મુદામાલ જપ્તઃ પાંચ શખ્સો સામે ગુનો દાખલ કરાયો

**મુખ્ય સમાચાર, વઢવાણ**

સાયલાના સુદામડાની સીમમાંથી પોલીસે રૂ.૩૪.૫૧ લાખથી વધુની કિંમતનો ૨૫૬૮ બોટલ દારૂ સહીત રૂ.૩૯.૭૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પાંચ શખ્સો સામે ગુનો દાખલ કર્યો છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ જે અન્વયે સાયલા પો.સ્ટે.ના ડી.ડી. ચુડાસમા ઈ-થા. પો.ઈન્સ. સાયલા નાઓ તથા સ્ટાફના પોલીસ કર્મચારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ડી.ડી. ચુડાસમા ઇ-ચા. પો.ઈન્સ. સાયલા નાઓને ચોક્કસ બાતમી રાહે હકીકત મળેલ કે સુદામડા ગામની સીમમાં સુદામડાથી શીરવાણીયા જવાનો માર્ગ આવેલ દેવેન્દ્ર ઉર્ફે ડેડે ભરતભાઇ બોરીયા (રે. સુદામડા, તા. સાયલા)ની કબ્જા ભોગવટાવાળી વાડીએ દેવેન્દ્ર ઉર્ફેડેક ભરત બોરીયા તથા નાગરાજભાઈ વલકુભાઇ ખાચર તથા દશરથસિંહ ચંદુભા ઝાલા (રે. સુદામડા, તા. સાયલા)એ ભેગા મળી ગે.કા. પાસ પરમીટ વગર પરપ્રાંતિય ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો મંગાવી હાલે દારુની હેરાફેરી કરે છે. હાલે તે પ્રવૃત્તિ ચાલુ છે તેવી બાતમીના આધારે રેઈડ કરતા ઈંગ્લીશ દારુની બોટલ નંગ-૨૫૬૮, કિંમત ૩૪,૫૧,૨૦૦ તથા મહિન્દ્ર બોલેરો ગાડી નં. જીજે-૦૩-બીઝેડ-૩૨૮૭, રૂા.૫,૦૦,૦૦૦ તથા એકટીવા રજી. નં. જીજે-૧૩-એક્યુ-૯૬૩૬ રૂા.૨૫ હજાર મળી રૂ. ૩૯,૭૬,૨૦૦નો મુદ્દામાલ મળી આવેલ હોય.જે રેઈડ દેવેન્દ્ર ઉર્ફે ડેકુ ભરત બોરીયા, જાતે-કાઠી દરબાર, રહે. સુદામડા, તા. સાયલા, નાગરાજભાઇ વલકુભાઇ ખાચર જાતે- કાઠી દરબાર, રહે. સુદામડા, તા. સાયલા, દશરથસિંહ ચંદુભા ઝાલા-રહે. સુદામડા, તા. સાયેલા તથા સ્થળ પર હાજર નહીં મળી આવનાર મહેન્દ્ર બોલેરો પીઅપ ગાડી નં. જીજે-૦૩-બીઝેડ-૩૨૮૭ના માલીક, એક્ટીવા નં. જીજે-૧૩-એક્યુ-૯૬૩૬ના માલિક વિરુધ્ધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દીકરીઓ સાથે છેડતી કરનાર સૌરાષ્ટ્ર યુનિ.ના પૂર્વ વાઇસ ચાન્સેલર ગિરીશ ભીમાણીનો વરઘોડો કાઢોઃ તુષિત પાણેરી

### ગુજરાતના શિક્ષણ જગતને કલંકિત કરતી એક નિર્લજ ઘટના અમરેલીમા સામે આવી છે જેના કારણે શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા સૌ કોઈને શર્મસાર થવું પડ્યુ છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

એક સમયે '' એ '' ગ્રેડ ધરાવતી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એ તત્કાલીન વાઇસ ચાન્સેલર ગિરીશ ભીમાણી ના કાર્યકાળ દરમિયાન થયેલા અનેક વિવાદો અને વિદ્યાર્થીઓ નું હિત જળવાતું નથી તેવા નેક કમિટી ના ધગધગતા રિપોર્ટ ને કારણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ '' એ '' ગ્રેડ ગુમાવવો પડ્યો હતો . . ગીરીશ ભીમાણી આંકડા શાસ્ત્ર ભવન નો હેડ હતો ત્યારે આંકડા શાસ્ત્ર ભવન મા અને કુલપતિ ના બંગલા મા દારૂની પાર્ટીઓ થતી હોવાની ખુબ જ ચર્ચા ચાલી હતી, અગાઉ આંકડા શાસ્ત્ર ભવનમા ગાદલા અને ગોદડા પાથરેલા જોવા મળ્યા હતા. આના પરથી ગિરીશ ભીમાણી ના ભૂતકાળ , ચાલ ચલણ તેમજ ચરિત્ર નો આપને ખ્યાલ કે અંદાજ આવી શકે છે તેમ સૌરાષ્ટ્ર કચ્છ કોંગ્રેસના પ્રવક્તા તુષિત પાણેરી એ જણાવ્યું હતું



તેમણે કહ્યું હતું કે તાજેતર મા બનેલા બનાવની કરીએ તો અમરેલી વિદ્યાસભા સંચાલિત બી સી એ કોલેજ ની વિદ્યાર્થિનીઓ માટે ચાર દિવસનો આબુનો પ્રવાસ યોજવામા આવ્યો હતો , જેમા આ કોલેજ ના નિયામક પદે રહેલો સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નો પૂર્વ વાઈસ ચાન્સેલર ગિરીશ ભીમાણી પણ પોતાની કાર લઈને આબુ પહોંચી ગયો અને ત્યાં ચિક્કાર દારૂ પી ને દસ જેટલી કોલેજીયન દીકરીઓ સાથે છેડતી કરી શારીરિક અડપલા કર્યા. પીડિત દીકરીઓના કહેવા મુજબ તેઓ જે જગ્યા એ રોકાયા હતા ત્યાં ગિરીશ ભીમાણી આવી પહોંચ્યો અને વધુ સારી હોટલમા રોકાવવાની અને જમાડવાની લાલચ આપી હતી પણ છાત્રાઓ ન માનતા, ગિરીશ ભીમાણી એ પરાણે છાત્રાઓ ને કોલ્ડ્રીંક્સ પીવડાવવા નો પ્રયાસ ચાલુ કર્યો, બીભત્સ વાતો કરવાની શરૂ કરી અને એક પછી એક છાત્રાઓ સાથે શારીરિક અડપલા કરવાનું ચાલુ કર્યું. છાત્રાઓ ગિરીશ ભીમાણી ના આવા વર્તન થી હેબતાઈ ગઈ હતી

રાજ્યના મુખ્યમંત્રી હર્ષ સંઘવીને તુષિત પાણેરીએ પત્ર પાઠવી જણાવ્યું છે કે અવારનવાર એવું કહેવામાં આવે છે કે કાયદો બધા માટે સરખો જ છે, વરઘોડા તો નીકળશે જ ત્યારે અત્યારે ખાસ સમય છે આ વાતને સાર્થક કરવાનો અને અમરેલી વિદ્યાસભા ની આ નિર્લજ ઘટનાનો ભોગ બનનાર આપણી દીકરીઓ તેમજ તેમના વાલીઓને ભરોસો આપવાનુનો પોલીસ આ બાબતે પીડિત દીકરીઓ ની ફરિયાદ નોંધે અથવા પોલીસ પોતે ફરિયાદી બનીને ગિરીશ ભીમાણી વિરુદ્ધ એફ આઈ આર નોંધે અને અમરેલી ની ઊભી બજારમા ગિરીશ ભીમાણી નો પણ લંગડાતો વરઘોડો નીકળે

### રાજકોટ ગ્રામ્યમાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૬ની ઉજવણી

# જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા તમામ વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું કડક પાલન કરવા અનુરોધ

### ટ્રાફિક નિયમોના ભંગ બદલ ઇશ્યુ થયેલા ઈ-ચલણના દંડની રકમ વાહનચાલકો ઓનલાઈન પણ ભરી શકે છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ મહિને નાગરિકોને માર્ગ સલામતી નિયમોનું પાલન કરવા માટે પ્રોત્સાહિત કરવા વિવિધ કાર્યક્રમો અને જાગૃતિ અભિયાનો હાથ ધરવામાં આવી રહ્યા છે.

જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા તમામ વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું કડક પાલન કરવા અને સુરક્ષિત ડ્રાઈવિંગ કરવા અનુરોધ કરવામાં આવે છે. ટ્રાફિક નિયમોના ભંગ બદલ ઇશ્યુ થયેલા ઇ-ચલણના દંડની રકમ હવે સીધા ''Google Pay, PhonePe, Paytm'' જેવા એપ્લિકેશન મારફતે અથવા Bharat Bill Payment System (BBPS) પર ભરાઈ શકે છે.

માર્ગ અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને ૧ કલાકમાં સારવાર માટે હોસ્પિટલ પહોંચાડનાર વ્યક્તિને રૂ. ૨૫,૦૦૦/- રોકડ પુરસ્કાર અને સન્માનપત્ર આપવામાં આવશે. સહાય કરવા માટે કોઈ કાનૂની પ્રશ્નો નહીં થાય અને પોલીસ તરફથી કાયદાકીય રક્ષણ આપવામાં આવશે.

રાજકોટ જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા નાગરિકોને જણાવવામાં આવે છે કે, વાહન ચલાવતા સમયે મોબાઇલ ફોનનો ઉપયોગ ન કરો. સીટ બેલ્ટ ફરજીયાત પહેરો.મોટરસાઇકલ ચલાવતા વખતે હેલ્મેટ અવશ્ય પહેરો,ઝડપી ગતિમાં વાહન ચલાવશો નહીં. ટ્રાફિકના તમામ નિયમોનું પાલન અનિવાર્ય છે.

# વાંકાનેરના રાતીદેવરી ગામેથી ૨૪ વર્ષીય યુવતી ગુમ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના રાતીદેવરી ગામેથી એક ૨૪ વર્ષીય યુવતી ઘરેથી કોઈને કહ્યા વિના ગુમ થઈ ગઈ છે. ત્યારે પરિવારની ફરિયાદના આધારે વાંકાનેર સીટી પોલીસે ગુમસુધા નોંધ કરી શોધખોળ શરૂ કરી છે. વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ વિગતો મુજબ રાતીદેવરી ગામે રહેતી સોનલબેન રમેશભાઈ વોરા ઉવ.૨૪ ગત તા.૧૩/૦૧/૨૦૨૬ રાતથી તા.૧૪/૦૧/૨૦૨૬ના સવારના ચાર વાગ્યા દરમિયાન તેઓ ઘરે કોઈને કીધાં વિના નીકળી જઈ ગુમ થયાનું જાણવા મળ્યું હતું. ત્યારે પરિવારજનોએ આસપાસ તેમજ સગાસંબંધીઓમાં તપાસ કરી છતાં કોઈ માહિતી ન મળતાં અંતે પોલીસમાં જાણ કરાઈ હતી. ગુમ થયેલ યુવતી પાતળા બાંધાની, ઘઉં વર્ણની, અંદાજે સવા પાંચ ફૂટ ઊંચાઈની છે અને ગુમ થતા સમયે કાળા રંગનું સ્વેટર, સફેદ-ગુલાબી ટોપ તથા કાળી લેગીશ પહેરેલી હતી. હાલ વાંકાનેર સીટી પોલીસે ગુમસુધા એન્ટ્રી કરી અલગ અલગ દિશામાં શોધખોળ શરૂ કરી છે.

# લીંબડી ભરબજારમાં યુવાનની હત્યા, પોલીસે છ શખ્સોને ઝડપ્યા

### ઉત્તરાયણની પૂર્વ સંધ્યાએ અગાઉના મનદુઃખમાં છ શખ્સો યુવાન સહિત ત્રણ વ્યક્તિ પર છરી અને સળિયા લઈને તૂટી પડ્યા હતાઃ પોલીસે આરોપીઓને ઝડપી પાડી ઘટના સ્થળ અને લિયાદ ગામમાં લઈ જઈ કાન પકડાવીને સરાજાહેર સરભરા કરી

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લામાં ઉત્તરાયણ પર્વની પૂર્વ સંધ્યાએ ૬ શખ્સોએ છરી અને લોખંડના સળીયા વડે હુમલો કરી ૧ યુવાનનું મોત નિપજાવ્યુ હતુ. જયારે બેને ઈજા પહોંચાડી હતી. આ બનાવની ફરિયાદ નોંધાતા જ ગણતરીની કલાકોમાં પોલીસે આરોપીઓને દબોચી લીધા હતા. જયારે ઉત્તરાયણના દિવસે ઘટનાસ્થળ અને તેમના ગામ લીયાદ રીકન્સ્ટ્રકશન માટે લઈ જવાયા હતા. આરોપીઓને ગુરૂવારે સાંજે કોર્ટમાં રજૂ કરાતા કોર્ટે બે દિવસના રીમાન્ડને મંજૂરી આપી છે. એથી પોલીસે વધુ તપાસ આદરી છે.

આ અંગેની માહિતી મુજબ લીંબડી તાલુકાના લીયાદ ગામે રહેતા હિતેશભાઈ હેમુભાઈ સુરેલાની ભત્રીજીને ગામનો જયપાલ વાલજીભાઈ માનસુરીયા ૨ વર્ષ પહેલા ભગાડીને લઈ ગયો હતો. આ બાબતે જે તે સમયે થયેલ બોલાચાલી બાદ બન્ને વચ્ચે મનદુખ ચાલ્યું આવતુ હતુ. તા. ૧૩મીના રોજ સાંજે હિતેશભાઈ સુરેલા, તેમના કૌટુંબીક ભાઈઓ દીપકભાઈ કાળુભાઈ સુરેલા, વિશાલભાઈ દીલીપભાઈ સુરેલા ૨ બાઈક લઈને સંતાનો માટે પતંગ-દોરા લેવા લીંબડી આવ્યા હતા. તેઓ લીંબડીની લેકવ્યુ બિલ્ડીંગ પાસેથી પસાર થતા હતા. ત્યારે ઈકો કાર અને બાઈક લઈને લીયાદના વાલજી ધનજીભાઈ માનસુરીયા, જયપાલ વાલજીભાઈ માનસુરીયા, જયદેવ ઉર્ફે ભુરો વાલજીભાઈ માનસુરીયા, પ્રતાપ ધનજીભાઈ માનસુરિયા, જયરાજ વાલજીભાઈ માનસુરીયા અને ધંધુકા તાલુકાના મોટા ત્રાડીયા ગામે રહેતો વાલજીનો બનેવી ઘનશ્યામ સીતાપરા આવ્યા હતા. અને અપશબ્દો કહી વાલજીએ છરી વડે હિતેશભાઈ ઉપર હુમલો કર્યો હતો. જેમાં દીપકભાઈ અને વિશાલભાઈ વચ્ચે પડતા લોખંડના સળીયા, શેરડીના સાંઠાથી માર માર્યો હતો. આ બનાવમાં હિતેશભાઈને સાથળના ભાગે છરી વાગી હતી. બનાવ સમયે આસપાસ માણસો એકઠા થઈ જતા આરોપીઓ આજે તો તમે બચી ગયા છો, તમોને જાનથી મારી નાંખવાના છેની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. જયારે ત્રણેય ઈજાગસ્તોને સારવાર માટે દવાખાને લઈ જવાયા હતા. પરંતુ સારવાર દરમીયાન લોહી વધુ વહી જવાથી હિતેશભાઈ સુરેલાનું મોત થયુ હતુ. બનાવની મૃતકના કૌટુંબીક ભાઈ દીપક સુરેલાએ લીંબડી પોલીસ મથકે ૬ આરોપીઓ સામે હત્યાની ફરિયાદ નોંધાવી હતી. ઉત્તરાયણ પર્વની પુર્વ સંધ્યાએ લીંબડીમાં હત્યાનો બનાવ બનતા એસપી પ્રેમસુખ ડેલુ અને ડીવાયએસપી વિશાલ રબારીના માર્ગદર્શનથી લીંબડી પોલીસ, ડીવાયએસપી સ્કવોડ, એલસીબી-એસઓજી ટીમ તુરંત કામે લાગી હતી. અને હત્યાને અંજામ આપી ફરાર થયેલા ૬ આરોપીઓને અલગ-અલગ ટીમો બનાવી વીવીધ સ્થળેથી ગણતરીની કલાકોમાં ઝડપી લેવાયા હતા.

# જેતપુરમાં ચાઈનીઝ દોરીથી આઠ લોકો ઘવાયા, અગાસી પરથી પટકાતા બાળકને ઈજા

### જેતપુરમાં પતંગથી ઈજા થવાના ૧૨ જેટલા બનાવો બન્યાઃ ઈજાગ્રસ્ત બાળકને વધુ સારવાર માટે રીફર કરવામા આવ્યો

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરમાં પતંગથી ઈજા થવાના બાર જેટલા બનાવો બન્યા હતાં. જેમાં ચાઈનીઝ દોરીથી ઈજાના આઠ બનાવો અને બીજું અગાસી પરથી પટકાતા એક બાળક ઈજાગ્રસ્ત થવાના બનાવો બન્યા હતાં. મકરસંક્રાતિ એટલે દાન પૂણ્ય સાથે પતંગ ચગાવવાનો પણ દિવસ આ દિવસે લગભગ લોકો પતંગ ચગાવતા હોય છે. અને પ્રશાસને ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ મૂક્યો છે છતાંય મોટા ભાગના લોકોએ ચાઈનીઝ દોરીથી જ પતંગ ચગાવી. અને ચાઈનીઝ દોરી એટલે હવામાં ઉડતું ધારદાર હથિયાર તેનાથી કોને ઈજા પહોંચે તે નક્કી નહિ.જેમાં ગતરોજ ધીરુભાઈ ગુજરાતીને ગળાના ભાગે તેમજ નિલેશ ખત્રીને ગાલના ભાગે, કુલદીપ સિહોરા કપાળના ભાગે તેમજ નરેશભાઈ રાઠોડને આંખની બાજુમાં ચાઈનીઝ દોરીથી ઈજા પહોંચી હતી. જ્યારે મેવાસા ગામે ગોપાલ વરસડા નામનો ૪ વર્ષનો બાળક અગાસી પર પતંગ ચગાવતી વેળાએ અકસ્માતે અગાસી પરથી નીચે જમીન પર પડતા તેને ગંભીર ઈજા પહોંચી હતી. બાળકને બેભાન અવસ્થામાં સારવાર માટે લવાયો હતો. તેને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે રીફર કરવામાં આવ્યોહતો.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કોઠારીયા સોલવન્ટ પાસે હુસેની ચોકમાં જુની અદાવતનો ખાર રાખી યુવાન પર ખુની હુમલો

## શેરીમાં કુતરા બાબતે થયેલી જુની બોલાચાલીના પગલે મહિલાઓ સહિત ૧૦ શખ્સોના ટોળાએ ઘાતક હથીયારો વડે કર્યો હુમલોઃ વૃધ્ધા સહિત પાંચ વ્યકિત ઈજાગ્રસ્ત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા સોલવન્ટ પાસે આવેલ કન્યા શાળાની પાછળ હુસેની ચોકમાં ગઇકાલે મહિલાઓ સહિતના ટોળાએ જુની અદાવતનો ખાર રાખી ઘાતક હથીયારો વડે પાડોશી પરીવાર પર ખુની હુમલો કરતા યુવાન સહિત પાંચ વ્યકિતઓને ગંભીર ઈજા થતા સારવ-ારમાં સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ આજીડેમ પોલીસે ચાર મહિલા સહિત ૧૦ શખ્સો સામે હત્યાની કોશીષનો ગુન્હો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.



આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ શહેરના ગોંડલ રોડ પર આવેલ કોઠારીયા સોલવન્ટ પાસે કન્યા શાળાની પાછળ હુસેની ચોકમાં રહેતી મુસ્કાનબેન ઇબનેમભાઇ ફારૂકી (ઉ.વ.૨૩) નામની મહિલાએ આજી ડેમ પોલીસમાં પાડોશમાં રહેતો વિક્કી, સંજય પાડેલીયા, ગોગો, વિક્કીનો ભાઇ, મનીષ ઉર્ફે કુકુ, રવિરાજ કાઠી, જનકો કબુતરવાળો, વિક્કીની પત્ની, મનીષ ઉર્ફે કુકુની બે બહેનો અને મનીષ ઉર્ફે કુકુની માતા જશુ સહિત ૧૦ શખ્સોના વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, ગઇકાલે રાત્રીના ૧૧ વાગ્યે પોતે અને તેના પતિ ઇબનેમભાઇ ફારૂકી ઘરે હાજર હતા ત્યારે અગાઉ ઉપરોકત પાડોશમાં રહેતા શખ્સો સાથે કુતરા બાબતે બોલાચાલી થઇ હોય જે જુની અદાવતનો ખાર રાખી આ તમામ શખ્સોએ ગેરકાયદે મંડળી બનાવી મહિલાના ઘરમાં ધુસી જઇ તેના પતિને છરી વડે જીવલેણ ઇજાઓ પહોંચાડી તેની હત્યા નિપજાવવાની કોશીષ કરી હતી જયારે છોડાવા વચ્ચે પડતા મુસ્કાનબેનને ધોકા અને પાઇપ વડે મારમારી હાથના કાંડામાં ગંભીર ઈજા કરી હતી. તેની માતા નસીમબેન હાજર હોય જે ઝઘડામાં વચ્ચે પડતા જમણા હાથની હથેડી પર છરી વડે હુમલો કરી ધોકા અને પાઇપથી મારમારી ઈજા કરી હતી. પાડોશમાં રહેતા ઇરઝાબેન, હનીફાબેન તથા ફેઝલભાઇ ઝઘડામાં છોડાવવા વચ્ચે પડતા ઉપરોકત ટોળાએ છરી, ધોકા, પાઇપ જેવા ઘાતક હથીયારોથી હુમલો કરી શરીરે નાની-મોટી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા. બનાવ બાદ ૧૦૮માં ઈજાગ્રસ્તોને સારવારમાં સારવારમાં ખાનગી તથા સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બનાવના પગલે આજીડેમ પોલીસ મથકના પીઆઇ એ.બી.જાડેજા સહિતનો પોલીસ કાફલો દોડી જઇ પ્રાથમીક તપાસ હાથ ધરી ચાર મહિલા સહિત ૧૦ શખ્સોના ટોળા સામે હત્યાની કોશીષનો ગુન્હો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

# સરધાર ગામે સ્વીફ્ટ કારમાં ૨૪ બોટલ દારૂ સાથે ચાલક ઝડપાયો

## આજીડેમ પોલીસે કાર સહિત રૂ.૪.૧૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી સપ્લાયરની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાસી ઉતરાયણના પર્વ નિમિતે કોઇ અનઇચ્છનીય બનાવ ન બને અને લોકો શાંતિપૂર્ણ રીતે તહેવારની ઉજવણી કરી શકે તે માટે શહેરના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે સતત પેટ્રોલિંગ કરવા અંગે અપાયેલા ઉચ્ચ અધિકારીના આદેશ મુજબ આજીડેમ પોલીસની ટીમ સરધાર ગામે પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન સ્વીફ્ટ કારમાં વિદેશી દારૂની ૨૪ બોટલ સાથે ગુંદાસરા ગામના શખ્સને દબોચી લઇ વધુ તપાસ હાથ ધરી છે. આ અંગેની માહિતી મુજબ આજીડેમ પોલીસ મથકના પીઆઇ એ.બી.જાડેજાની સુચનાથી હેડ કોન્સ. એમ.ડી.મુંધવા સહિતનો સ્ટાફ સરધાર ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે રાજકોટ-ભાવનગર હાઇ-વે પર સરધાર ગામ પાસે સ્વીફ્ટ કાર નં.જીજે૩એનકે૪૨૨૫માં એક શખ્સ શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે કારનો પીછો કરી અટકાવી કારની તલાસી લેતા તેમાંથી ૨૪ બોટલ વિદેશી દારૂની કિંમત રૂ.૧૬૪૬૪નો જથ્થો મળી આવતા પોલીસે કારના ચાલક લવકુશ ઉર્ફે શીવમ સવજી ઝા (રહે.ગુંદાસરા ગામ, તા.ગોંડલ)ની ધરપકડ કરી કાર સહિત રૂ.૪.૧૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી દારૂનો જથ્થો સપ્લાય કરનાર બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં પતંગના ઉત્સાહ વચ્ચે લાઇટ ગુલની ૧૩૨૬ ફરિયાદ

## શહેરમાં ૪૬૧ વાર વિજળી જતા લોકોમાં પણ વિજ કંપની સામે રોષ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉત્તરાયણનું પર્વ રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં ભારે ઉત્સાહભેર ઉજવાયું હતું. અને આખો દિવસ પવનની ગતિ ખૂબ સારી રહેતા પતંગપ્રેમીઓને મોજ પડી ગઇ હતી. જો કે વારંવાર રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં વિજ વિક્ષેપ વારંવાર સર્જાતા પતંગપ્રેમીઓ ગીત-સંગીત અને ડી-જેની મોજ વધુ વખત માણી શક્યા ન હતા. પીજીવીસીએલના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ રાજકોટ શહેર, પોરબંદર, ભાવનગર, જામનગર, ભુજ, અમરેલી, સુરેન્દ્રનગર, જુનાગઢ, રાજકોટ ગ્રામ્ય, બોટાદ, મોરબી અને અંજારમાં જુદા-જુદા ફોલ્ટના કારણોસર લાઇટ જવાની કુલ ૧૩૨૬ જેટલી ફરિયાદો નોંધાઇ હતી. જ્યારે સલામતી જોખમાય તે વાય તે પ્રકારની કુલ ૬૦ ફરિયાદો વીજ કંપનીના ચોપડે નોંધાઇ હતી.

રાજકોટ શહેરની વાત કરીએ તો રાજકોટ શહેરમાં જ ખાસ કરીને જુના રાજકોટ સહિતના વિસ્તારોમાં ગઇકાલે અનેક વખત પાવરની અવર-જવર રહેવા પામી હતી. રાજકોટ શહેરમાં ગઇકાલે લાઇટ જવાની કુલ ૪૬૧ ફરિયાદો નોંધાઇ હતી. જ્યારે પતંગના દોરાના લીધે વાયર ભેગા થઇ જવાના કારણે લાઇટ જવાની તથા ટીસીમાં ફોલ્ટ કે જમ્પર ઉડી જવું જેવી સેફટી રીલેટેડ ૧૪ ફરિયાદો નોંધાવવા પામી હતી.

# રાજકોટના બેંક કર્મીનું દમણની હોટલના રૂમમાં આગ લાગતા મોત



## મિત્રો સાથે ફરવા ગયેલો યુવાન સિગારેટના તણખાથી ભભૂકેલી આગથી બચવા બાથરૂમમાં પુરાઇ જતા ગુંગળાઇ ગયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટથી દમણ કરવા ગયેલા ચા મિત્રો દારૂ-બિયર અને ચૂ સિગારેટની મજા માણતા હતા ત્યારે સિગારેટના તણખાથી હોટલના રૂમના ગાદલામાં આગ લાગી હતી. આગ થોડીવારમાં રૂમમાં પ્રસરી જતા બચવા માટે બાથરૂમમાં ઘુસેલા રાજકોટની નાગરિક બેંકના કર્મચારીનું બાથરૂમમાં ગૂંગળામણથી મોત થયું હતું, જયારે અન્ય ત્રણ મિત્રોનો આબાદ બચાવ થયો હતો. ફાયર બ્રીગેડના સ્ટાફે આગ બુઝાવી હતી.

આ સમગ્ર ઘટનાની જાણ થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. અને જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે તેમન આ બનાવ અંગે અન્ય ત્રણ મિત્રોની પણ પૂછપરછ કરી છે. દમણના કચીગામ પોલીસ માટે આવેલા ચાર મિત્રોની મોજ મસ્તી માતમમાં ફેરવાઈ ગઈ છે અને દમણના ડાભેલમાં આવેલ પ્રિન્સ ગાર્ડન નામની હોટલમાં આ દુર્ઘટના બની હતી,. હોટેલના બીજા માળે મિત્રો દારૂ બિયર અને સિગારેટ ફૂંકવાની મજા માણી રહ્યા હતા અને રૂમમાં સળગેલી સિગારેટના તણખાથી ગાદલામાં આગ લાગ્યા. કરી લીધું હતું. જેમાં રાજકોટના યુનિવર્સીટી રોડ ઉપર જનકપુરી સોસાયટીમાં રહેતા અને રાજકોટ નાગરિકો બેંકની પરા બઝાર શાખામાં ફરજ બજાવતા વિનય હસમુખભાઈ વિરમગામિયા આગથી બચવા હોટલના રૂમના બાથરૂમમાં ઘુસી ગયો હતો જ્યાં બાથરૂમમાં ગૂંગળામણથી વિનયનું મોત થયાનું જાણવા મળ્યું છે.

# નેપાળી યુવકની આંખમાં ભૂકી છાંટી રિક્ષા ચાલકોએ કર્યો હુમલો

## બેલડીએ ૬૦ હજારની લૂંટ ચલાવ્યાના આક્ષેપ સાથે સારવારમાં ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના એસ.ટી.બસ સ્ટેન્ડ પાછળ વહેલી સવારે અજાણ્યા બે રિક્ષા વાળાએ નેપાળી યુવાનની હુમલો કરતાં તેને સારવાર ખસેડવામાં આવ્યો છે. બેભાન કરી તેનાં રોકડ લુંટી લીધાનો પોલીસે વધુ તપાસ હાથ મુજબ, યાજ્ઞીક રોડ પર નં.૨૦માં આનંદ કામ કરતો પ્રકાશ નામનો યુવાન અરસામાં અમદાવાદથી આંખમાં ભુકી છાંટી છરી વડે માટે સિવિલ હોસ્પિટલમાં અજાણ્યા બન્ને શખ્સોએ ખીસ્સામાંથી રૂા.૬૦ હજારની આક્ષેપ કરવામાં આવતાં ધરી છે. જાણવા મળતી વિગત ન્યુ જાગનાથ પ્લોટ શેરી સ્નેકક્સમાં રહેતો અને ત્યાં જ કલબહાદુર નેપાળા (ઉ.૪૦) વહેલી સવારે ચાર વાગ્યાના બસમાં રાજકોટ આવ્યો હતો અને એસ.ટી.બસ સ્ટેન્ડ પાછળ હતો ત્યારે અજાણ્યા બે રીક્ષા વાળાએ આંખમાં કોઈ ભુકી છાંટી બેભાન કરી બાદમાં છરી વડે હુમલો કરતાં તેને માથાના ભાગે તથા શરીરે ઈજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.



આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી એ-ડીવીઝન પોલીસને જાણ કરી હતી. ઈજાગ્રસ્ત પ્રકાશ આનંદ સ્નેક્સમાં પંજાબી-ચાઈનીઝ બનાવવાનું કામ કરે છે. તેને સંતાનમાં બે પત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. હોસ્પિટલના બીછાનેથી પ્રકાશના જણાવ્યા મુજબ, અજાણ્યા બન્ને શખ્સોએ તેની ઉપર હુમલો કરી ખીસ્સામાં રહેલી રૂ.૬૦ હજારની રોકડ લુંટી ગયાનું આક્ષેપ કરતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ન્યુ સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં અજાણ્યા વાહનની ઠોકરે પરપ્રાંતિય યુવકનું મોત

## રાજકોટમાં વહેલી સવારે ૨૬ વર્ષીય મૃતક બાઈક પર રોલેક્સ કંપનીમાં નોકરીએ જતો હતો ત્યારે અકસ્માત સર્જાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વહેલી સવારે હિટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં અજાણ્યા વાહનની ઠોકરે બિહારી યુવક નીતીશકુમારનું મોત નીપજ્યું હતું. ૨૬ વર્ષીય મૃતક બાઈક પર રોલેક્સ કંપનીમાં નોકરીએ જતો હતો ત્યારે ન્યુ સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં અકસ્માત સર્જાયો હતો.

મળતી માહિતી અનુસાર, નીતીશકુમાર કપિલદેવ પાસવાન (ઉંમર વર્ષ ૨૬, રહે.કોઠારીયા સોલવંટ, રાધિકા સોસાયટી શેરી નંબર ૧, રાજકોટ) આજે વહેલી સવારે ૬ વાગ્યાં આસપાસ પોતાનું બાઈક લઈને જતો હતો ત્યારે કોઠારીયાના ન્યુ સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં અજાણ્યા વાહન ચાલકે ઠોકરે લેતા ગંભીર ઈજા થઈ હતી. સ્થળ પર પહોંચેલ ૧૦૮ની ટીમે નીતીશકુમારને મૃત જાહેર કર્યો હતો.



આજીડેમ પોલીસે સ્થળ પર પહોંચીને જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહને પીએમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. આ તરફ પરિવારજનોને જાણ થતા સ્થળ ઉપર દોડી આવ્યા હતા. પરિવારજનોની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, નીતીશકુમાર મૂળ બિહારનો વતની હતો. તે ત્રણ ભાઈ અને એક બહેનમાં વચેટ હતો. કોઠારીયા ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં આવેલ રોલેક્સ રીંગ કારખાનમાં નોકરી કરતો હતો. આજે સવારે નોકરીએ જતો હતો.

ત્યારે કોઠારીયા ન્યુ સોમનાથ ઈન્ડસ્ટ્રીઝમાં અકસ્માત સર્જાયો હતો. કોઈ અજાણ્યો કાર ચાલક ઠોકરે લઈ નાસી ગયાના અનુમાન સાથે પોલીસે તપાસ હાથ ધરી છે. નીતીશકુમારના લગ્ન ૩ વર્ષ પહેલા થયા હતા. વતનમાં રહેતા પરિવારજનોને જાણ કરાતા કલ્પાંત છવાયો હતો.

# સૌરાષ્ટ્રમાં પતંગ ચગાવતી વખતે પટકાયેલા યુવકનું મોત; ૧૦ લોકોને ઈજા

## કાતિલ દોરાએ ૪૦ લોકોને લોહી લુહાણ કરતા સારવારમાં ખસેડાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મકરસંક્રાંતિના દિવસે દર વર્ષે કાતિલ દોરાના કારણે અનેક લોકોને ઈજા અને મોત નિપજતાં હોવાની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવે છે. ત્યારે આ વર્ષે ગઈકાલે મકરસંક્રાંતિના દિવસે સૌરાષ્ટ્રમાં પતંગ ચગાવતાં બાળક સહિત ૧૦ લોકો પટકાયા હતાં. જેમાં બેના મોત નિપજ્યા હતાં. જ્યારે પતંગ ઉડાડતી અને લુંટતી વખતે તેમજ સ્કુટર ચાલક અને સવાર મળી કુલ ૪૦ લોકોને કાતિલ દોરાએ લોહીલુહાણ કર્યા હતાં. ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતાં. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રાજકોટમાં ભગવતીપરા વિસ્તારમાં રહેતાં પરિવારનો રોનક અનીલભાઈ ઉધોજા નામનો છ વર્ષનો બાળક મોરબીમાં આવેલા લાભનગરમાં તેના નાની મંજુબેન વરાણીયાના ઘરે બીજા માળે પતંગ ચગાવતો હતો ત્યારે અકસ્માતે નીચે પટકાયો હતો. નીચે પટકાયેલા બાળકને તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેનું મોત નિપજ્યું હતું. બીજા બનાવમાં પડધરી તાલુકાના સાલપીપળીયા ગામે રહેતાં વિનોદ લીંબાભાઈ વાછીયા (ઉ.૨૭) સાંજના છએક વાગ્યાના અરસામાં પોતાના ઘરે અગાશી ઉપર પતંગ ચગાવતો હતો ત્યારે અકસ્માતે અગાશી ઉપરથી નીચે પટકાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકને સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યો છે. જ્યાં તેનું મોત નિપજતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. મૃતક યુવાન બે ભાઈ એક બહેનમાં મોટો હતો અને તેને સંતાનમાં બે પુત્ર એક પુત્રી છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં જુદા જુદા નવ સ્થળે પતંગ ચગાવતી વખતે નવ લોકો પટકાયા હતાં. જેમાં ગોંડલમાં આવેલા ખોડીયાનગરમાં નેમિયાબેન ગોપાલભાઈ પરમાર (ઉ.૧૧) પહેલા માળેથી, મોરબીના રફાળીયામાં રમેશભાઈ નાનજીભાઈ પરમાર (ઉ.૪૦), જાબુકીયા ગામે અગાશી પરથી, રાજકોટમાં રેલનગર વિસ્તારમાં હર્ષ ભરતભાઈ (ઉ.૪) પહેલા માળેથી, આજી ડેમ ચોકડી પાસે ત્રૠત્વીક મુન્નાભાઈ ચાવડા (ઉ.૧૬) છત પરથી, કોઠારીયા સોલવન્ટ શુભમ પાર્કમાં તન્વીર પ્રકાશભાઈ ગોહેલ (ઉ.૮) ધાબા પરથી, ભગવતીપરામાં હશન મુર્તુજાભાઈ ભારમલ (ઉ.૩) સીડી પરથી, ન્યારી ડેમ પાસે આવાસ ક્વાર્ટરમાં પ્રીન્સ હાર્દિકભાઈ (ઉ.૯) સીડી પરથી અને જૂનાગઢમાં રહેતો ઉજેરડા કેજલભાઈ બ્લોચ (ઉ.૯), દુધસાગર રોડ પર અગાસી પરથી પટકાયો હતો. આ ઉપરાંત પતંગ ચગાવતી અને લૂંટથી વખતે તેમજ સ્યુટર સવાર અને ચાલકો સહિત ૪૦ લોકોને પતંગના દોરાથી ઈજા પહોંચી હતી. જેમાં કુણાલ કિશોરભાઈ (ઉ.૨૦), દિનેશ વ્યાસ (ઉ.વ.૪૯), હર્ષ હેમતભાઈ (ઉ.વ.૨૦), નિલેષભાઈ સોલંકી ઉ.વ.૩૦), નિજલાબન (ઉ.વ.૨૪), યોગરાજ નિર્મલભાઈ (ઉ.વ.૨૨), વિજયભાઈ (ઉ.વ.૪૪), જયદીપ હિતેષભાઈ (ઉ.વ.૧૨), રહીશ શાદીકઅલી (ઉ.વ.૨), કમલેશભાઈ ઝાપડ (ઉ.વ.૨૬), યજ્ઞેશ રાજપરા (ઉ.વ.૨૫), આસીફભાઈ જાંબુડીયા (ઉ.વ.૫૦), નસીમબેન આસીમભાઈ જાંબુડીયા ૧૩.૨.૪૫), વાઝ મોડ્મદભાઈ (ઉ.વ.૧૪), રાહુલ અડવાણી (ઉ.વ.૨૮), અનીતાબેન લક્ષ્મણભાઈ, મહેશભાઈ ગુજાભાઈ ગાંગાણી, વિજયભાઈ પરસાણાને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં.

# રાજકોટમાં મકરસંક્રાંતિએ જુદા જુદા ૨૦ સ્થળે મારામારીઃ ૨૩ને ઈજા

## ઈજાગ્રસ્તોને સારવારમાં ખસેડાયાઃ સિવિલ હોસ્પિટલે દિવસભર દર્દીઓનો ધસારો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં જૂદા-જુદા ૨૦ સ્થળે હથિયાર ઉડયા હોવાની ઘટના સામે આવી છે. જેમાં ૨૩ જેટલા લોકોને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઉત્તરાયણના દિવસે મારામારી અને કાતિલ દોરાના કારણે ઘવાયેલા ઈજાગ્રસ્તોનું સિવિલ હોસ્પિટલમાં ધસારો જોવા મળ્યો હતો. જેને પગલે સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા ખડેપગે સારવાર આપવામાં આવી હતી.



આ અંગે જાણવા મળતી વિગત મુજબ શહેરમાં ઉતરાયણના દિવસે જૂદા-જૂદા ૨૦ સ્થળે મારામારી થઈ હતી. જેમાં શાપરમાં શાક માર્કેટ પાસે કવી કુમાર બલીરામ મહંતો (ઉ.વ.૨૦) ઉપર અજાણયા શખ્સોએ પાઈપ વડે હુમલો કર્યો હતો. મેટોડા જીઆઈડીસીમાં ગીરવા કનૈયાલાલ શાહ (ઉ.વ.૪૦) અને વીકી ગીરવાભાઈ શાહ (ઉ.વ.૧૯)ને અજાણયા શખ્સોએ પાઈપ વડે માર માર્યો હતો. ૮૦ ફૂટ રોડ પર આવેલા આંબેડકરનગરમાં પ્રકાશ વસંતભાઈ ચાવડા (ઉ.વ.૩૫)ને મહિપાલ અને ગૌતમે ઢીકા પાટુનો માર માર્યો હતો. દુધસાગર રોડ પર શિવાજીનગરમાં રહેતો કલ્પેશ ભરતભાઈ સારવૈયા (ઉ.વ.૨૨) બસ સ્ટેશન પાસે હતો ત્યારે અજાણયા શખ્સોએ માર માર્યો હતો. મોરબી રોડ પર ગણેશ નગરમાં રહેતા સુરેશભાઈ ખોડાભાઈ મકવાણા (ઉ.વ.૫૫)ઉપર રમેશ અને કિરણે પાઈપ વડે હુમલો કર્યો હતો. રામપાર્ક મેઈન રોડ પર રહેતા પાર્થ અશોકભાઈ રાઠોડ (ઉ.વ.૨૫)ને અજાણયા શખ્સોએ પાઈપ વડે માર માર્યો હતો. ભગવતીપરામાં સુમત કુમાર રામ (ઉ.વ.૩૦) ઉપર રીઝવાન નામના રશખ્સે પથ્થર મારો કર્યો હતો. કુબલીયાપરામાં અજંલીબેન અજયભાઈ સોની (ઉ.વ.૧૪) ઉપર ભગુ અને પોપટ સહિતના શખ્સોએ પથ્થર મારો કર્યો હતો. કુબલીયાપરામાં ધર્મેશ પોપટ સોલંકી (ઉ.વ.૨૦) ઉપર અજાણયા શખ્સોએ ધારદાર હથિયા વડે હુમલો કર્યો હતો. ગંજીવાડામાં વિહાભાઈ ચૌહાણ (ઉ.વ.૩૦)ઉપર રાહુલ અને રોહિતે સરીયા વડે હુમલો કર્યો હતો.

ચોરાડામાં રહેતા કિશન દિનેશભાઈ પરમાર (ઉ.વ.૩૨) અને તેના ભાઈ દેવેન્દ્રભાઈ પરમાર (ઉ.વ.૨૮) સોરઠીયા વાડી પ્લોટમાં હતા ત્યારે હંસરાજ સાગઠીયા મનુ સાગઠીયા અને સુનિલ સાગઠીયાએ પોકા વડે હુમલો કર્યો હતો. શાસ્ત્રી મેદાન પાસે અમીનાબેન ઈમરાનભાઈ શેખ (ઉ.વ.૪૦)ને તેના પતિએ ઢીકા પાટુનો માર માર્યો હતો. મારામારીમાં ઘવાયેલા ઈજાગ્રસ્તોને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જે તમામ મારામારી અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઓનલાઇન જોબ કન્સલ્ટન્સી ચલાવતી દિલ્હીની યુવતી સાથે ૧૨.૫૦ લાખની છેતરપીંડી

## રોકાણના બહાને રૂપીયા ખંખેર્યાની એક શખ્સ વિરૂધ્ધ ફરીયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાધુ વાસવાણી રોડ વિસ્તારમાં રહેતી અને ઓનલાઈન જોબ કન્સલ્ટન્સી ચલાવતી મુળ નવી દિલ્હીની ૨૮ વર્ષીય યુવતી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ઘટના બની છે. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે મુળ નવી દિલ્હી શિવ વિહારના અને હાલ સાધુ વાસવાણી રોડ પર યોગીનગર કોમ્પ્લેક્ષ બીજા માળે રહેતા દામીનીબેન રાજેન્દ્રકુમાર પ્રજાપતિ (ઉ.વ.૨૮)ની ફરિયાદ પરથી સાધુ વાસવાણી રોડ સરીતા શેરી નં. ૫ કેશવી સુપર માર્કેટ પાસે સુર્યકૃપા ખાતે રહેતાં રાજદિપસિંહ ભસ્તસિંહ જાડેજા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

દામિનીબેને ફરિયાદમાં જણાવ્યું છે કે તે પોતાના ભાઇ સાથે રાજકોટ રહે છે અને સક્સેસ કિંગડમ નામે પ્રોપરાઈટરશીપ ફર્મ ચલાવે છે અને ઓનલાઈન જોબ અપાવવાનું કામકાજ કરે છે. તેઓ છેલ્લા બે વર્ષથી રાજદીપસિંહ ભરતસિંહ જાડેજાના સંપર્કમાં હતા. જુલાઈ ૨૦૨૪માં દામિનીબેને રાજદીપસિંહની ૧૫૦ ફૂટ રિંગ રોડ પર શીતલ પાર્ક પાસે ધ સ્પાયર બિલ્ડિંગમાં આવેલી જાડેજા બ્રધર્સ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસ નં. ૧૩૩૦ ખાતે રોકાણ માટે ગયા હતાં. વિશ્વા-સમાં આવીને તેમણે પ્રથમ વખત ૨.૫૦.૦૦૦ રૂપિયાનું રોકાણ કર્યું હતું. ત્યારબાદ ગત તા. ૦૧/૦૭/૨૦૨૫ના રોજ તે જ ઓફિસે ફરી ૧૦,૦૦,૦૦૦ રૂપિયાનું મોટું રોકાણ કર્યું હતું. આમ કુલ ૧૨,૫૦,૦૦૦ રૂપિયા રાજદીપસિંહને સોંપવામાં આવ્યા હતા. રોકાણ કર્યા બાદ શરૂઆતના ત્રણ મહિના સુધી રાજદીપસિંહે કરાર મુજબ નફો આપ્યો હતો. પરંતુ ત્યારબાદ નફો કે મુળ રકમ આપવાનું બંધ કરી દીધું હતું. દામિનીબેને અનેકવાર ફોન કર્યા અને ઓફિસે ધક્કા ખાધા પરંતુ રાજદીપસિંહે સંતોષકારક જવાબ આપ્યો નહોતો. ગત તા.૦૭/૦૧/૨૦૨૬ ના રોજ જ્યારે દામિનીબેન તેમના ભાઈ પ્રિન્સ સાથે ઓફિસે ગયા ત્યારે જાણવા મળ્યું કે રાજદીપસિંહ ઓફિસ બંધ કરી દીધી છે અને ત્યાંથી ગાયબ થઈ ગયેલ છે. ઓફિસ બંધ હોવાથી દામિનીબેન અને તેમના ભાઈ પ્રિન્સ સાંજે સાતેક વાગ્યે રાજદીપસિંહના ઘરે સાધુ વાસવાણી રોડ ખાતે પહોંચ્યા હતા. દામિનીબેને પોતાની રકમ પરત માંગતા રાજદીપસિંહ ઉશ્કેરાઈ અભદ્ર ગાળો દીધી હતી અને ધમકી પણ દીધી હતી કે તારા પૈસા હવે પાછા નહીં મળે અને જો ફરીથી પૈસા માંગ્યા કે રાજકોટમાં ક્યાંય દેખાઈશ તો તને જાનથી મારી નાખીશ.

# કાંગશિયાળીમાં રસોઈ બનાવતી વેળાએ દાઝેલી પરિણીતાનો જીવનદીપ બુઝાયો

## મેટોડામાં શ્રમિક મહિલાનું હાર્ટફેઈલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે મેટોડામાં રહેતા શ્રમિક પ્રૌઢાનું હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યુ છે. પ્રૌઢાના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ મેટોડા જીઆઇડીસીમાં રહેતા પાસાંગબેન બુધગુરુગ શેરમાં નામના ૪૯ વર્ષના પ્રોઢા પોતાના ઘરે વહેલી સવારે બેભાન હાલતમાં સિવિલ ઢળી પડતા સારવાર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયા પ્રૌઢાનું હૃદયરોગના હુમલાથી મોત નીપજયુ હોવાનુ તબીબે જાહેર કરતા પરિવાર શોકમાં ગરકાવ થઇ ગયો છે. મૃતક પ્રૌઢાને સંતાનમાં ચાર પુત્રો છે. આ ઉપરાંત બીજા બનાવમાં કાંગશીયાળી ગામે રહેતી જયશ્રીબેન જયેશભાઈ ચાવડા નામની ૩૫ વર્ષની પરિણીતા પોતાના ઘરે રસોઈ બનાવતી હતી ત્યારે પ્રાઈમસ ફાટતા અકસ્માતે દાઝી ગઇ હતી. ગંભીર રીતે દાઝી ગયેલી પરિણીતાએ સારવારમાં દમ તોડતા પરિવ-ારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. ઉપરોકત બનાવ અંગે પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં મિત્રની ૧૬ વર્ષની પુત્રી પર દુષ્કર્મ આચરનારને આજીવન કેદની સજા ફટકારતી કોર્ટ

## સ્કૂટર અને મોબાઈલ દેવાના બહાને ઘરે બોલાવી હવસખોરે સગીરાને હવસનો શિકાર બનાવી’તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં મિત્રની ૧૬ વર્ષની પુત્રીને સ્કૂટર અને મોબાઈલ દેવાના બહાને ઘરે બોલાવી હવસખોરે સગીરા ઉપર દુષ્કર્મ આચર્યું હતું. જે કેસમાં કોર્ટે આરોપીને આજીવન કેદની સજા અને ભોગ બનનાર સગીરાને રૂપિયા પાંચ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની સગીરાના પિતાના મિત્ર આરોપી રફિકભાઈ સૈયદભાઈ બિનબકર (રહે ભારતીનગર ગાંધીગ્રામ રાજકોટ)એ સગીરાને તેનું એકટીવા મોટરસાયકલ તથા મોબાઈલ આપી જવાના બહાને ઘરે બોલાવી અને સગીરા ઉપર બળજબરીથી શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હોવાની સગીરાએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે આરોપી રફિક બિનબકરની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જે કેસમાં આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો મળતા તપાસ અધિકારી દ્વારા પોકસો



અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. ચાર્જશીટ થયા બાદ કેસમાં પુરાવો શરૂ થતા પ્રોસિક્યુશન તરફે ફરિયાદી સગીરાની સોગંદ ઉપર પોક્સો કોર્ટમાં જુબાની લેવામાં આવતા સગીરાએ જણાવ્યું હતું કે, આરોપીએ તેણીને એકટીવા મોટરસાયકલ અને મોબાઈલ દેવા માટે તેના ઘરે બોલાવી હતી. તેણી તેના ઘરે ગયેલ ત્યારે આરોપીએ બારણું બંધ કરી તેણીની સાથે જબરજસ્તીથી શરીર સંબંધ બાંધ્યો હતો. સગીરાએ રાડારાડી કરતા તેના મોઢે ચુંદડીનો ડુમો આપી દીધો હોવાની આપવીતી વર્ણવી આરોપીને કોર્ટમાં ઓળખી બતાવ્યો હતો. જે કેસ ચાલવા ઉપર આવતા પ્રોસિક્યુશન દ્વારા કેસમાં ભોગ બનનાર સગીરાના પિતા, ડોક્ટર અને આરોપીના ડોક્ટરની જુબાની લેવામાં આવી હતી. તેમજ સરકાર તરફે સરકારી વકીલ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે, આરોપી ૩૫ વર્ષની ઉંમરનો છે અને પરિણીત છે જ્યારે સગીરા ૧૬ વર્ષની ઉંમરની છે અને તેની પુત્રી સમાન સગીરા ઉપર બળજબરીથી આરોપીએ દુષ્કર્મ આચરેલ છે જે બાબતના ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાંથી પણ જે અહેવાલ આવેલ છે તેમાં પણ પુરવાર થાય છે અને સગીરાના પ્રાઈવેટ પાર્ટ્સમાં જણાઈ આવે છે તથા બનાવ સ્થળેથી કબજે કરવામાં આવેલ ચુંદડીમાં પણ સગીરાની લાળ આવેલ હોવાનો એફએસએલમાં રિપોર્ટમાં આવેલ છે આમ સરકાર તરફે સરકારી વકીલે ફરિયાદી, સાહેદો, પંચો, ડોક્ટર અને પોલીસની જુબાનીથી તેમજ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી તથા દલીલમાં જણાવેલ કેસની હકીકતથી પ્રોસિક્યુશનનો કેસ સાબિત કરેલ હોય અને આરોપીને કાયદામાં જણાવ્યા મુજબની વધુમાં વધુ સજા કરવા કોર્ટને રજૂઆત કરી હતી. જે રજૂઆતને ધ્યાને લઈ પોક્સો અદાલતના સેશન્સ જજ ટી.એસ. બ્રહ્મભટ્ટે આરોપી રફિક સૈયદભાઈ બિનબકરને આજીવન કેદની સજા અને સગીરાને રૂપિયા પાંચ લાખનું વળતર વિકટીમ કમ્પેન્સેશન એક્ટ અન્વયે આપવા હુકમ ફરમાવ્યો છે. આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા